# ગુજરાતી ભજન



**PORT ST. LUCIE BHAJAN MANDAL**

## મંગલા ચરણ

કરારવિન્દેન પદારવિન્દં મુખારવિન્દે વિનિવેશયન્તમ

વટસ્ય પત્રસ્ય પુટે શયાનં બાલં મુકુંદ મનસા સ્મરામિ.....

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે ! હે નાથ નારાયણ વાસુદેવ,

જિહવે પિબસ્વામૃતમેતદેવ ગોવિંદ દામોદર માધવેતિ.....

વિક્રેતુકાના કિલગોપકન્યા મુરારિ પાદાર્પિત ચિતવૃતિ,

દધ્યાદિકં મોહવશાદવોચદ ગોવિંદ દામોદર માધવેતિ.....

ગૃહે ગૃહે ગોપવધૂકદમ્બા સર્વે મિલિત્વા સમવાપ્ય યોગમ

પુણ્યાનિ નામાનિ પઠન્તિ નિત્યં ગોવિંદ દામોદર માધવેતિ.....

સુખં શયાના નિલયે નિજેપિ નામાનિ વિષ્ણો પ્રવદન્તિ મર્ત્યા,

તે નિશ્ચિતં તન્મયતાં વ્રજન્તિ ગોવિંદ દામોદર માધવેતિ.....

જિહવે સદૈવં ભજ સુન્દરાણિ નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ,

સમસ્ત ભકર્તાત નિર્વિઘ્નાશનાતિ ગોવિંદ દામોદર માધવેતિ. ....

સુખાવસાને ઇદમેવસારં દુઃખવસાને ઇદમેવ જ્ઞેયમ

દેહાવસાને ઇદમેવ જાપ્યં ગોવિંદ દામોદર માધવેતિ.....

શ્રી કૃષ્ણ રાધાવર ગોકુલેશ ગોપાલ ગોવર્ધન નાથ, વિષ્ણો,

જિહવે પિબસ્વામૃ તમૃદેવ દેવ ગોવિંદ દામોદર માધવેતિ.....

જિહવે રસક્ષે મધુરપ્રિયા ત્વં સત્યં હિતં ત્વાં પરમં વદામિ,

આવર્ણયેથા મધુરાક્ષરાણિ ગોવિંદ દામોદર માધવેતિ.....

ત્વમેવયાચે મમ દેહિ જિહ્વે સમાગતે દંડધરે કૃતાન્તે,

વક્તવ્યમેવં મધુરં સુભક્ત્યા, ગોવિંદ દામોદર માધવેતિ.....

## શ્રી પ્રભુ

વંદન કરીએ શ્રીપ્રભુ તમને

પહેલુ વંદન માતા - પિતાને,
બીજું વંદન ગુરુજી તમને. .... વંદન.

ત્રીજું વંદન આદ્યશક્તિને,
ચોથુ વંદન ઉમાપતિને. ..... વંદન.

પાંચમું વંદન પુરૂષોત્તમને,
આશીષ આપો સહુ સુખ અમને. .... વંદન.



## ગજાનંદ દેવ ગણપતિ દેવા,

ગજાનંદ દેવ ગણપતિ દેવા,
ગણપતિ દેવા, પ્રભુ કરૂ તમારી સેવા
તેત્રીસ કોટિ દેવોમાં પ્રથમ તમારી સેવા. ..... ગજાનંદ.

માતા જેના પાર્વતીને, પિતા શંકર જેવા,
માતા જેની કૌશલ્યાને, પુત્ર રામ જેવા ..... ગજાનંદ.

ખાવા જોઇએ મોતી લાડુ, ઢેબર મીઠા મેવા,
લાબી સૂંઢ એકદંતા, સૌથી શ્રેષ્ઠ દેવા.
ગજાનંદ દેવ ગણપતિ દેવા.



**જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા,**

જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા,
માતા જાકી પાર્વતી પિતા મહાદેવા.....

એકદન્ત દયાવન્ત ચાર ભુજાધારી,
માથે ઉપર તિલક બિરાજે મુસેકી સવારી.....જય ગણેશ

અન્ધનકો આંખ દેત કોઢિનકો કાયા,
બાંઝનકો પુત્ર દેત નિર્ધનકો માયા.....જય ગણેશ

પાન ચઢે ફુલ ચઢે ઔર ચઢે મેવા,
સુરશયામ શરણ આયે સુફુલ કીજે સેવા.....જય ગણેશ



## પહેલા સમરૂ ગણપતિ દેવા,

પહેલા સમરૂ ગણપતિ દેવા,
વિઘન લેજો કાપી દેવા.....

બીજે સમરૂ શારદા માતા,
વાણી નિર્મળ આપી.....

ત્રીજે સમરૂ ગુરુ ચરણને,
પાવન કીધા પાપી.....

ચોથે સમરૂ માતા - પિતાને,
સદ્‌બુધ્ધિ બહુ આપી .....

પંચમ પુનિત પરમેશ્વરને,
માનવ પદવી આપી.....પહેલા સમરૂ.



**પહેલા સમરિયે રે..... ગણપતિ દેવા,**

પહેલા સમરિયે રે..... ગણપતિ દેવા,

વહાલો વિઘન હરનારો, સમરીએ રે.....

સર્વ શુભ કાર્યો એ પ્રથમ પૂજ્ય છે

શેષને મહેશ ગુણ ગણેશના ગાયા છે.

પાર્વતિનો રખવારો,સમરીએ રે.....

રિધ્ધિ-સિધ્ધિનો એ સ્વામી ગણાય છે.

કાર્તિક સ્વામીને બહેન ઓખાનો ભાઈ છે.

કાર્યો સફળ કરનારો, સમરીએ રે.....

અધિ પતિને ઉંચે આસન પધરાવીએ,

મનગમતા મોંદકને મેવા ધરાવીએ,

આરોગશે શિવનો દુલારો, સમરીએ રે.....

એરે સૂંઢાળામાં સદ્‌ગુણ અમાપ છે,

લક્ષ અને લાભ બેઉ બેટાનો બાપ છે.

રણછોડ બુધ્ધિ દેનારો, સમરીએ રે..... ગણપતિ દેવા



## નમુ રે ગણેશા, નમુ હનુમંતા,

નમુ રે ગણેશા, નમુ હનુમંતા,
નમુ નમુ વળી વળી, ગણેશ હનુમંતા રે,
બેઉ બળવંતા.....

એકને જોઈએ જનોઈનો જોટા,
બીજાને જોઈએ લાલ કછોટો,
લાલ કછોટો પહેરી રીઝે હનુમંતા રે.... બેઉ....
એકને જોઈએ મોદક લાડુ
બીજાને જોઈએ તેલનું ગાડુ,
તેલની ધારા ઢળે, રીઝે હનુમંતા રે.... બેઉ.....
એકના ઘરમાં શુદ્ધબુદ્ધ નારી,
બીજો કહાવે સદાબ્રહ્મચારી,
બ્રહ્મચારી વીરા રાજા રામના પ્યારા રે.... બેઉ....
એક એ શિવજીની સ્તુતિઓ કીધી,
બીજાએ સીતાની શોધ જ લીધી,
શોધજ લીધી, પાળ સાગર બાંધી રે..... બેઉ.....
એ કે સદાશિવનો રથ જ વાળ્યો,
બીજાએ લંકા ગઢ પ્રજાળ્યો,
ગઢ પ્રજાળ્યો રાજા રાવણને માર્યો રે..... બેઉ.....
કહે શક્તિ મંડળ બેઉકર જોડી,
એ બેઉ વીરોની સરખી છે જોડી,
સરખી છે જોડી ભક્તો કાજે આવે દોડી રે.....બેઉ.....

## "ગણેશ-ગણપતિ શિવજીના સંતાન છો"

**રાગ :- "મેરા છોટાસા દેખો એ સંસાર હૈ" " ભાઈ ભાઈ"**

ગણેશ ગણપતિ શિવજીનાં સંતાન છો
વેગે વિઘ્નો હરો, વિધિ વિધાન છો
ગણેશ-ગણપતિ ... (૧)

મુખ પર સૂંઢ, તિલક, ગળે પુષ્પની માળા
સંકટ વિમોચન પ્રભુ, તમે દિન દયાળા
દુ:ખના ડુંગર ટાળો એવા બળવાન છો
ગણેશ-ગણપતિ ... (૨)

પ્રથમ શુભકાર્યે "શિવનંદન" સમરું તને
રાખી ચરણોમાં નિર્મળ દયો મતિ મને
અષ્ટ સિદ્ધિ દેજો તમે દિલવાન છો
ગણેશ-ગણપતિ ... (૩)

સમરું સરસ્વતી મૈયા, સમીપ રાખજે
દેજે વાણીને મનગમતો કંઠ આપજે
મારી વાણી રૂપે તમે વંદનાર છો
ગણેશ-ગણપતિ ... (૪)

"મારી" જીવનની વાડીનાં માળી તમે
પ્રભુ ફૂલડું છું તારું ને ડાળી તમે
ભક્તો અંતરમાં અમૃતના ભરનાર છો
ગણેશ-ગણપતિ ... (૫)

**હરિ તારા નામ છે હજાર,**

હરિ તારા નામ છે હજાર,
કયા નામે લખવી કંકોતરી,

રોજ રોજ બદલે મુકામ,
કયા ગામે લખવી કંકોતરી.

મથુરામાં મોહન, તું ગોકુળ ગોવાળિયો,
દ્વારિકામાં રાજા રણછોડ,
કયા નામે લખવી કંકોતરી.

ભક્તોની રાખી ટેક, રૂપો ધર્યાં અનેક,
અંતે તું એકનો એક,
કયા નામે લખવી કંકોતરી.

નામો તારા અપાર, ગણતાં ન આવે પાર,
પહોંચે ના પુરો વિચાર,
કયા નામે લખવી કંકોતરી....હરિ

**મન તું શંકર ભજીલે, મનતું શંકર ભજીલે,**

મન તું શંકર ભજીલે, મનતું શંકર ભજીલે,
છોડ દે કપટ, ભોળાનાથ ભજીલે.

કોઈ ચઢાવે ગંગાજમના, કોઈ ચડાવે દુધ,
કોઈ ચઢાવે બીલીપત્ર, યોગી ચઢાવે ભભુત ... મન તું.

જનતા ચઢાવે ગંગા જમના, રાજા ચઢાવે દુધ,
બ્રાહ્મણ ચઢાવે બીલીપત્ર, યોગી ચઢાવે ભભુત ... મન તું.

કોઈ માંગે અન્નને ધનને, કોઇ માંગે પુત્ર,
કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે રૂપ ... મન તું.

ગરીબ માંગે અન્નધન, વાંઝીયા માંગે પુત્ર,
રાજા માંગે કંચનકાયા, ગુણિલા માંગે રૂપ ... મન તું.

આકડો ધંતુરો વિજ્યા, ભાજી પીરસે પાર્વતી,
પ્રસન્ન થાયે ભોળા દેવા, સેવક થાયે રાજી ... મન તું શંકર.

## રામના રખવાળા સૌએ

રામના રખવાળા સૌએ
રામના રખવાળા એતો રામના રખવાળા.....

આ દુનિયામાં નોંધારાનો એકજ તું આધાર,
કીડીને કણ, હાથીને મણ,
દેનારો દાતાર રે..... મારા.....

અંધ, અંપગ, અમીર, ગરીબનો તું છે પાલનહાર,
જીવમાત્રની જવાબદારી,
જાતે જાળવનારરે..... મારા.....

મોંઘો માનવદેહ મળ્યો છે મળે ન વારંવારં.
રામ ભજન કર, હરિભજનકર,
થાશે બેડા પાર રે..... મારા.....



## વેંત ભરીને એક વાંસનો કટકો

વેંત ભરીને એક વાંસનો કટકો
એની મેં તો મોરલી ઘડાવી રે ..... ગોકુળનો કનૈયો

ક્યાં રે ઘડાવી અને ક્યાં રે મઢાવી,
ક્યાં રે એને હીરલે જડાવી રે ..... ગોકુળનો કનૈયો.

ગોકુળમાં ઘડાવી એને મથુરા મઢાવી.
દ્વારિકામાં હીરલે જડાવી રે ..... ગોકુળનો કનૈયો.

કોણે ઘડાવી એને કોણે મઢાવી,
કોણે એને હીરલે જડાવી રે ..... ગોકુળનો કનૈયો.

આણી તીરે ગંગાને પેલી તીરે જમના,
વચમાં કાનુડો નાચે રે ..... ગોકુળનો કનૈયો.

એક એક ગોપીને એકએક કાનો,
રાસની રમઝટ જામીરે ..... ગોકુળનો કનૈયો

કાનુડાના મુખ પર વાંસળી સોહે,
બંસીના સૂર મીઠા લાગે રે ..... ગોકુળનો કનૈયો.

ગોકુળની ગલીઓમા કાનુડો સંતાયો,
શોધી શોધી થાકુ તોય ના જડતો ..... ગોકુળનો કનૈયો

બંસી ન છૂટે ને તાર ન તૂટે
ગોપીઓનું ભાન ભૂલાવે રે ..... ગોકુળનો કનૈયો

કાલિંદીને કાંઠે ને જમનાના ઘાટે,
તેની તીરે રાસ રચાવે રે ..... ગોકુળનો કનૈયો.

## છોને મારા તંબુરાના થાયે ચૂરા ચૂરા

છોને મારા તંબુરાના થાયે ચૂરા ચૂરા
તોય મારા ભજન રહેના અધૂરા.....
છોને મારા કંઠના આલાપ હો બેસુરા... તોયે...

દિવસને રાત હું ગાઉ છું ગીત તારા,
વહેતી નિરંતર જેવી નદીની ધારા,
છોને મારા સૂરના આલાપ હો બેસૂરા... તોયે...

તનને તંબુરે મારા આત્માના તાર બાંધું,
તુજમાં લીન થઇને સુરની સમાધિ સાધુ,
છોને મારા ઉરના ભાવો પ્રગટે ન પુરેપુરા... તોયે...

તૂટે તંબૂરો મારો તૂટે સૌ તાર,
તોએ ન તૂટે એના મીઠા રણકાર,
છોને આ જગના લાકો બોલે ભલા-બુરા... તોયે...



## મેં તો પહેર્યો છે ભક્તિનો વેશ,

મેં તો પહેર્યો છે ભક્તિનો વેશ
કનૈયો મને વહાલો લાગે.
મેંતો આંજી શામળિયાની મેંશ,
કનૈયો મને વહાલો લાગે.

દુનિયાના રંગ મને લાગે છે જુઠા,
મનના મોહન મને લાગે છે મીઠા,
હો.... મારા હૈયામાં તારો આવેશ .... કનૈયો.

તનના તંબુરાનો તાર મિલાવી,
મનના મંજીરાથી નાદ ગજાવી,
હો.... મેંતો છોડયો સંસારનો વેશ .... કનૈયો.

ઓઢી છે ચુંદડીને પહેર્યો છે ચુડલો,
નંદુના શ્યામ હવે ઝાલી લ્યો છેડલો,
હો..... મને ગમતું નથી લવલેશ ..... કનૈયો.



## **મારા રામના રખવાળા ઓછા હોય નહિ.**

મારા રામના રખવાળા ઓછા હોય નહિ.
એના ધોયલા ધોવાણમાં ધાબા હોય નહિ.... મારા....

એના ઢોલ અગમથી વાગે,
અગમનિગમની વાણી ભાગે,
એની આયુના અણસાર ઓછા હોય નહિ...... મારા.....

કાયા જ્યારે કરવટ બદલે,
પરખાયે એ પગલે પગલે,
એની જ્યોતિના ઝબકારા ઓછા હોય નહિ.... મારા....

સુખ દુ:ખના તડકા છાયા,
માયામાં મુંઝાતી કાયા,
એની પાંપણમાં પલકારા ઓછા હોય નહિ.... મારા....

## કાના ગોપાલ કૃષ્ણ મુરારિ

કાના ગોપાલ કૃષ્ણ મુરારિ
ગિરિધર ગોપાલ કૃષ્ણ મોરારિ.
સોના રૂપાના તારા મંદિર સોહામણા,
મૂર્તિ બન્યો બલિહારી, કાના ગોપાલ કૃષ્ણ મોરારિ ....

સૂરજને ચંદ્ર તારી આરતી ઉતારે,
પૂજા કરે નરનારી, કાના ગોપાલ કૃષ્ણ મોરારિ ....

જમુનાને તીરે વહાલો બંસી બજાવે,
રાસ રમાડે મોરારિ, કાના ગોપાલ કૃષ્ણ મોરારિ ....

મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
કમલ ચરણ બલિહારી,
કાના ગોપાલ કૃષ્ણ મોરારી.



## હે.... મને લાગ્યો તારો નાદ,

હે.... મને લાગ્યો તારો નાદ,
ભલે હું થઈ જાઉં બરબાદ,
ભજન હું નહિ છોડું રે, ભજન હું નહિ છોડું...

સંકટમાં હું સમજુ છું, તું કરે કસોટી મ્હારી,
મનને મારા મજબૂત કરવા, દયા ઉતારે ત્હારી,
ભજન હું નહિ છોડું...

ભજનની મસ્તીમાં સારા જગનું દુઃખ વીસરી એ,
આનંદ સાગરમાં મારૂ, હૈયું ઝોલા ખાય.
ભજન હું નહિ છોડું...

લોક કહે છે તે ભકિતમાં, સઘળું તારું ખોયું,
મુજને મળ્યો સાચો ખજાનો, ઘટમાં જાગી જોયું,
ભજન હું નહિ છોડું...

આભ તૂટે કે ધરતી ફાટે, થવાનું હોય તે થાએ,
રામભકતની જીભલડીથી, રામ નહિ બિસરીએ,
ભજન હું નહિ છોડું...

## જગ જાગ્રત કરવા અવધૂત યોગી આવ્યો.

જગ જાગ્રત કરવા અવધૂત યોગી આવ્યો.
રેવા તીરે નારેશ્વરમાં (૨)
ભક્તિ દીપ પ્રગટાવ્યો..... અવધુત.....

દત નામની ધુન મચાવી,
ભકત મંડળીઓ ખૂબ રચાવી,
ભકતો નામ રટે મસ્તાનું (૨)
ભકત બનીને ભાવ્યો..... અવધુત.....

જયાં ત્યાં એ ત્યાં જયોત જગાવે,
તનના પાપો દૂર ભગાવે,
શરણાગત થઇ જે આવે છે (૨)
આ જગતમાં એ ફાવ્યો..... અવધુત.....

સૌને હૈયે નાદ ગજાવે,
સેવા સ્મરણના કાર્ય સજાવે
દેશવિદેશે ભ્રમણ કરીને (૨)
ભકત ધ્વજ ફરકાવ્યો...... અવધુત.....

પુનિત પ્રભુથી જોડયો નાતો,
પ્રભુની જયાં ત્યાં કીધી વાતો,
રામભકતના હ્રદયકમળ પર (૨)
જબરો રંગ ચઢાવ્યો..... અવધુત.....

# હે ડાકોરવાળા ડાકરા

હે ડાકોરવાળા ડાકરા
તમે દીસો છો ફાંકડા
મનમંદિરમાં આ ગયા ..... ઓ ડાકોર.....

તારૂ ડેરૂ ગગનમાં ગાજે છે
દરવાજે નોબત વાગે છે
એનો શબ્દ ગગનમાં ગાજે છે ..... ઓ ડાકોર.....

મસ્તકે મુગટ શોભે છે
કાનમેં કુંડળ લળકે છે
દાઢીમાં હિરલો ઝલકે છે ..... ઓ ડાકોર .....

દ્વારીકાથી ડાકોર આવ્યા છો
બોડાણો તમને લાવ્યા છો
ભકતોના મનડે ભાવ્યા છો..... ઓ ડાકોર .....

જગજગતના લોકો આવે છે,
માખણને મીસરી ચઢાવે છે
મગદળના લાડુ લાવે છે ...... ઓ ડાકોર ......

**એક રૂપે શિવજીને બીજે રૂપે રામ,**

એક રૂપે શિવજીને બીજે રૂપે રામ,
ત્રીજે રૂપે રે મારા શ્રી ઘનશ્યામ...
ક્યાં વસે શિવજીને ક્યાં વસે રામ,
ક્યાં વસે મારા શ્રી ઘનશ્યામ...
મનમાં વસે શિવજીને રોમે રોમે રામ,
રૂદિયેવસે રે મારા શ્રી ઘનશ્યામ...
શેની સવારી શીવની ને શેની સવારી રામ.
શેની શવારી રે મારા શ્રી ઘનશ્યામ...
નંદી સ્વારી શીવનીને રથની સ્વારી રામ
ગરુડની સ્વારી મારા શ્રી ઘનશ્યામ...
શું રે ધારે શિવજી ને શું રે ધારે રામ
શું રે ધારે મારા શ્રી ઘનશ્યામ...
ત્રિશુલ ધારે શિવજીને ધનુષ ધારે રામ.
ચક્ર ધારે રે મારા શ્રી ઘનશ્યામ...
શેના ભોગી શીવજી ને શેના ભોગી રામ.
શેના ભોગી રે મારા શ્રી ઘનશ્યામ...
ભાંગના ભોગી શિવજી ને બોરના ભોગી રામ,
માખણના ભોગી મારા શ્રી ઘનશ્યામ...
કોના સ્વામી શિવજી ને કોના સ્વામી રામ,
કોના સ્વામીરે મારા શ્રી ઘનશ્યામ...
ગૌરી સ્વામી શિવજીને સીતા સ્વામી રામ,
રાધિકાના સ્વામી મારા શ્રી ઘનશ્યામ...
શું રે આપે શિવજીને શું રે આપે રામ
શું રે આપે રે મારા શ્રી ઘનશ્યામ...
સુખ આપે શિવજી ને રક્ષા કરે રામ,
મધુ બેડા તારે મારા શ્રી ઘનશામ....

## કૃષ્ણ મોરારી કૃષ્ણ મોરારી

કૃષ્ણ મોરારી કૃષ્ણ મોરારી
નંદકુંવર નટવર ગોવર્ધનધારી
હે.... દ્વારીકાના કૃષ્ણ મોરારી

મન મોહન તેં મોરલી બજાવી
ઘેલી કરી વૃજનારી.... હે....

સોના રૂપાના તારા મંદિર સોહામણા
મુર્તિ છે મનહારી.... હે....

સુરજને ચંદ્ર તારી આરતી ઉતારે.
પુજા કરે નરનારી.... હે....



## પગ મને ધોવા દિયૌ રઘુરાય,

પગ મને ધોવા દિયૌ રઘુરાય,
આજ મને શક પડ્યો મનમાંય ... પગ મને

શ્રી રામલક્ષ્મણ જાનકીજી, તીર ગંગાને જાયજી,
નાવ માંગી નીર ઉતરવા, ગૃહ બોલ્યા ગમખાય ...પગ મને

રજ તમારી કામણ ગારી, નાવ નારી બની જાયજી,
તો તો અમારા રંક જનની, આજીવિકા તુટી જાય ...પગ મને

ભીલ જનની જોઈ ચાતુરી, જાનકીજી મુસ્કરાયજી,
અભણ કેવું યાદ રાખે, ભણેલા ભૂલી જાય ... પગ મને

દીન-દયાળુ આ જગતમાં, ગરજ કેવી ગણાયજી.
આપ જેવાને ઉભા રાખી, પગ પખાળી જાય ... પગ મને

નાવડીમાં બાવડી ઝાલી, તીર ગંગાને જાયજી,
તબ રઘુવંશ કુંવર બોલ્યા, શું લેશો ઉતરાઈ ... પગ મને

નાઈની કને નાઈ ન માંગે, ધંધાદારી દોનું ભાઈજી,
કાગ ખારવા કદી ન માંગે, ખારવાની ઉતરાઈ ... પગ મને

## જગમેં સુંદર હે દો નામ

જગમેં સુંદર હે દો નામ
ચાહે કૃષ્ણ કહો યા રામ
બોલો રામ રામ રામ
બોલો શ્યામ, શ્યામ, શ્યામ.

માખન બ્રીજમેં એક ચુરાવે,
એક બેર ભીલની કે ખાવે,
પ્રેમ ભાવસે ભરે અનોખે
દોનોં કે હૈ કામ.... બોલો રામ...

એક હૃદયમેં પ્રેમ બઢાવે,
એક સાથ સંતાપ મિટાવે,
દોનોં સુખ કે સાગર હૈ
દોનો પુરણ કામ.... બોલો રામ...

એક સંત પાપીકો મારે
એક દુષ્ટ રાવણ સંહારે,
દોનોં દીનકે દુષ્ટ હરત હૈ
દોનો બલકે કામ.... બોલો રામ..

એક રાધા કે સંગ રાચે,
એક જાનકી રંગ બીરાજે,
ચાહે સીતારામ કહો
યા બોલો રાધેશ્યામ.... બોલો રામ...

## બાજે...ઓ...લાજે ઘુઘરિયા બાજે,

બાજે...ઓ...લાજે ઘુઘરિયા બાજે,
કાનો રાસ રમે આજે... બાજે...ઓ..

એક એક ગોપી, એક એક કાનો,
રાસ રમે છે ભુલી ભાન,
ધુમ મચી આજે... બાજે...ઓ..

કપટ કરી પનઘટ પર ઝટપટ,
લપટ ઝપટ કંઈ ઘાટ ઘડૈયો,
અંગ અંગ રંગ ડાલ જશોદાના ગ્વાલબાલ,
ઉડાડે ગુલાલ લાલ ગોપાલ કનૈયો... બાજે...ઓ..

ભરી પીચકારી મારી રંગવાને પનીહારી,
સંગ નરનારી કાનો કાલો ગિરિધારી,
હાથ જોડી ગોપી બોલી અરરર,
ભરી પીચકારી મારી છરરર.... બાજે...ઓ..

## દોરી તારી ટુંકી થવાની જિંદગાની,

દોરી તારી ટુંકી થવાની જિંદગાની,
એળે જવાની, એળે જવાની.

માયાથી જીવડો માયામાં ફસાય છે
દિવસો જાય તેમ આયુષ્ય ટુંકાય છે.
આખરે ફજેતી થવાની....જિંદગાની...

સંસાર સાગરમાં રામનો છે આસરો
રામ નામ લેશે તેનો દિવસ છે પાંસરો
હોડી તારી પાર થવાની....જિંદગાની...

કાલે મરવું છે એમ જાણીલે આજથી,
હાથ ધોઈ નાંખ તું સંસારના કાજથી,
જોજે તારી જાય જુવાની.... જિંદગાની...

એક એક શ્વાસ જાય અણમોલ ગણાય છે.
સોયને પરોવી જેમ વીજળી મલકાય છે
દેહ તારી છુટી જવાની...જિંદગાની...

પ્રભુદાસ કહેવીરા માની લે વાતને,
રામનામ લઈને જીભે તારીલે જાતને,
બાજી તું લેને સંભાળી...જિંદગાની...

## કરજો કરજો નૈયા પાર કનૈયા તારો છે આધાર

કરજો કરજો નૈયા પાર કનૈયા તારો છે આધાર
નાગર નંદજીના લાલ કનૈયા તારો છે આધાર
મારી નૈયા ડગમગ ડોલે
એને પાર કરોને કનૈયા,
પડ્યા પડ્યા છિદ્રો પાંચ,
કનૈયા તારો છે આધાર.
એક જ છિદ્રે નૈયા ડુબે
પડતી મહાજળમાં જઈ ઉંડે
તું છે ભવજળ તારણહાર,
કનૈયા તારો છે આધાર.
મનની મૂંઝવણ કોને કહીએ
ડગલે નામ તમારૂં લઈએ,
નામે ઉતરીએ ભવ પાર,
કનૈયા તારો છે આંધાર.
પ્રભુ તમે સુકાન હાથે ધરજો,
મારી નૈયા નિર્ભય કરજો,
તું છે આશાનો એક તાર,
કનૈયા તારો છે આધાર.

## કૃષ્ણ, કૃષ્ણ ગાવોને, ધુન મચાવો,

કૃષ્ણ, કૃષ્ણ ગાવોને, ધુન મચાવો,
ધુન મચાવોને રામધુન મચાવો,
રાધાજીના પ્યારાની ધુન મચાવો... કૃષ્ણ..

પિતા જેના વાસુદેવ ને માતા જેની દેવકી
રાધાજીના પ્યારાની ધુન મચાવો... કૃષ્ણ...

પિતા જેના દશરથ ને માતા જેની કૌશલ્યા,
એવા સુત રામની ધુન મચાવો... કૃષ્ણ...

પુતનાને મારી, વ્હાલા કુબજાને તારી
વ્રજના વિહારીની ધુન મચાવો... કૃષ્ણ...



## કાલાઘેલા બોલ તારા લાગે છે મીઠડા

કાલાઘેલા બોલ તારા લાગે છે મીઠડા
રોજ રોજ મળવા તું આવ
શ્યામ તને રાધાના સમ છે.

જમુનાના ઘાટ પર જળ ભરવા જાઉં છું,
તારા માટે છાનું છાનું ખાવાનું લાવું છું,
અંતરની આગને બુઝાવ,
શ્યામ તને રાધાના સમ છે

તારો વિયોગ શ્યામ મુજથી સહેવાયના
દિલડાની વાત મારી, જાહેર કહેવાયના.
વાંચી જો હૈયાના ભાવ,
શ્યામ તને રાધાના સમ છે.

અજવાળી રાતેતું એકલડો આવજે
વૃંદાવન કુંજમાં રાસ રચાવજે,
અમ સંગ રજની વિતાવ,
શ્યામ તને રાધાના સમ છે

શ્યામ તારો શુદ્ધ પ્રેમ હૈયાનો ખેંચતો,
ગોપ અને ગોપીકાને સરખા તું વહેંચતો,
અંતરની આગને બુઝાવ,
શ્યામ તને રાધાના સમ છે.

## આરાસુરથી આવોરે માત,

આરાસુરથી આવોરે માત,
ભાવે ભજુ છું, અંબે તારૂ રે નામ...
તું છે મારી અંબે માત, જય જય અંબે ...જય અંબે

તું છે મારી માત, તું સાંભળજે મારી એક વાત.
કહું છું એક જ વાત, દર્શને આપોને ...જય અંબે

હું તારો બાળ તું લેજે મારી સંભાળ,
આવ્યો છું તારે દ્વાર, દર્શન આપોને ...જય અંબે

હું છું નાનો બાળ, આજે આવ્યો છું તારે દ્વાર,
મનની તું પૂરજે આશ, દર્શનની છે આશ...જય અંબે

અંબા બહુચર બેની, તમે આવોને સહુ સાહેલી,
શારદાને તેડીને વહેલા પધારો માત ...જય અંબે

ભક્ત મંડળ આજે, અહીં આવ્યું છે દર્શન કાજે,
હે માતા તું જલદી આવ, દર્શનની છે પ્યાસ...જય અંબે

## ઝગડો લાગ્યો રે જમુનાજીને આરે

ઝગડો લાગ્યો રે જમુનાજીને આરે (૨)
એ કાન કહ્યા અમારા ન માને ... ઝગડો
એ કાન કયા મુલકનો મોટો ... ઝગડો.

કાનુડો માગ્યો દેને જશોદા મૈયા,
કાનુડો માંગ્યો દેને...

આજની રાત અમે રંગભર રમશું (૨)
એ...પરભાતે પાછો માંગી લેને
જશોદામૈયા કાનુડો...

જવતલ ભાર અમે ઓછો ન કરીએ (૨)
એ...ત્રાજવડે તોળી તોળી લેને
જશોદામૈયા કાનુડો....

હાથી ને ઘોડાને માલ ખજાના (૨)
એ...જોરે જોઈએ તે માંગી લેને
જશોદામૈયા કાનુડો...

કાંબીને કડલાં અણવટ વીછીયાં (૨)
એ...હાર હૈયાનો માંગી લેજો
જશોદા મૈયા કાનુડો માંગ્યો દેને.

**તારો રંગ નિરાલો છે, કનૈયા તારી મૂર્તિ મનોહર છે.**

તારો રંગ નિરાલો છે કનૈયા તારી મૂર્તિ મનોહર છે.
તારા રંગે રંગાયો છું,
કનૈયા તારી મૂર્તિ મનોહર છે.

છોડી દીધી દુનિયાદારી, છોડી દીધો સંસાર
સ્વાર્થના સંસારમાં કોણ સુણે ફરિયાદ
તારી આશાએ આવ્યો છું,
કનૈયા તારી યાદ સતાવે છે.

જુઠા જગની જુઠી માયા, જુઠો જગ વહેવાર
રખડી રખડી થાક્યો જગમાં, જડતો નથી મને સાર,
મારી પુરણ કરજો આશ,
કનૈયા તારી યાદ રડાવે છે.

ડગલે પગલે નામ તમારૂ સમરૂ સરજનહાર
નંદુ તારા દર્શન કાજે, આવ્યો તારે દ્વાર
તારી ઝાંખી કરાવી દે,
કનૈયા તારો નાદ ગજાવ્યો છે.

**પ્રભુ દો દર્શન અમને, સુખ શાંતિ મળે મનને,**

પ્રભુ દો દર્શન અમને, સુખ શાંતિ મળે મનને,
ના તાપ નડે તમને, અમે ના ભુલીએ તમને.

દીલ રોજ તડપાવતું રહે, ક્યાંથી મુખડું મલકે,
હોજી હો...તારી ઝાંખી જરા હોયે,
બાલુડાં હૈયે ધરે,
મને એવો બનાવી દે, નિત મસ્તીમાં ચિત્ત રહે.

મને એવી સગવડ દે, તુજ વિણના ઈચ્છા રહે
હોજી હો... તારા નામે મુખ મલકે,
ના આધિ ઉપાધિ નડે,
જ્યાં જોઉં ત્યાં તુંજ જડે, હરખાતા આંસુ વહે...પ્રભુ



## હું થાવું ભલે હેરાન, ભજન મારે કરવું છે.

હું થાવું ભલે હેરાન, ભજન મારે કરવું છે.
સુખમાં દુઃખમાં ધ્યાન, પ્રભુનું મારે ધરવું છે.

ભલે લાખ ઉપાધિ આવે, મારા દિલડાને ગભરાવે,
ભલે થવાનું હોય તે થાયે, ભલે દિલડાની વહીજાયે,
મારે પાછળ કરવું છે, મારે ધ્યાન પ્રભુનું ધરવું છે.

આ રાહ વિકટ છે ભારી, અંતર જાયે અકળાઈ,
મને લાગે એક નવાઈ, એણે અંતે લાજ બચાઈ,
મહિને મળવું છે, મારે ધ્યાન પ્રભુનું ધરવું છે.

ભલે ચાલે નાવડુ વાંકુ, એ હંકારે તેમ હાંકુ,
મારુ હૈયુ થયું છે પાકું, એ રામભક્ત ના જાણું
મારે પાર ઉતરવું છે, મારે ધ્યાન પ્રભુનું ધરવું છે.

## તમે અમારા, અમે તમારા,

તમે અમારા, અમે તમારા,
તમે છો સાગર, અમે કિનારા..

તમે દયાળુ છો દેવ મોટા
તમારા જગમાં જડે ના જોટા
તમે છો નામી, અમે અનામી,
હું તારો બાળક, તું મારો સ્વામી..

તારી દયાનો હું છું ભિખારી,
ભરી દે ભિક્ષાની ઝોલી અમારી,
તમે ખેવૈયા, અમે તો નૈયા,
હું તારી ભક્તિ, તું મારી શક્તિ..

તમે જગતના છો પ્રાણ પ્યારા,
ભક્તોના છો તમે દીનદયાળાં,
તમે છો બંધુ, કહે છે ભક્તો,
અમે તો બિંદુ, તમે છો સિંધુ....તમે અમારા.

## રંગા ધરૂ હું તારુ ધ્યાન, વારે ચઢો મારા દત્ત ભગવાન

રંગા ધરૂ હું તારુ ધ્યાન, વારે ચઢો મારા દત્ત ભગવાન
હું એક પામર માનવ છું,
રખડી જગમાં થાક્યો છું,
આજે તમારા કરૂં ગુણગાન.... વારે ચઢો...

તારે નામે મારી ચાલે છે નાવ,
પુરો વિશ્વાસ મને તારામાં ખાસ,
તારશે જરૂર એવો આત્મવિશ્વાસ... વારે ચઢો...

દત્ત દીગંબર જગ જાણે,
ધૂન ગવાયે ખૂણેખૂણે.
ભક્તો આજે બન્યા મસ્તાન... વારે ચઢો...

આજે મારૂં મન હર્ષે
દર્શન કરવાને તલશે,
ભક્તો માગે દર્શન... વારે ચઢો...



# એક દિવસ એકાંત બેસી

એક દિવસ એકાંત બેસી
થોડો પ્રભુથી પ્યાર કરીલે (૨)
પ્યાર નહીં તો બાર સહી,
થોડી થોડી તકરાર કરીલે,
કેટલાં કામ કર્યાં તે સારા,
સાથે કેટલા કર્યા નઠારા,
વાર ન કરે એ વાતનો તું જલદી,
પલવાર વિચાર કરી લે ...એક...
પુણ્ય વધ્યુ કે પાપ વધ્યુ છે,
સરવાળે શું વધ્યું છે.
માફી માંગી પ્રભુની પાસે,
પાપનો તું એકરાર કરી લે ...એક...
ભુલ બધી ભુલી જાજે,
કરી જે ભુલો કબૂલી લેજે.
અપકાર ઉપર ઊપકાર કરીને,
જીવન નૈયા પાર કરીલે ...એક...
મોંઘી માનવ તન ફૂલવાડી,
કંટક સાથે છે ઝુલનારી,
જીવન ઝરમરનો થઈ માળી,
વાડીને ગુલઝાર કરી લે...એક...
આ જીવન છે છેલ્લો ફેરો,
ચૂકવી દે સહુનો કરવેરો,
લેતી દેતી પતથી બાલમ,
પરમાતમ એકાતાર કરીલે...એક...

## એક જ એ અભિલાષ હમારી,

એક જ એ અભિલાષ હમારી,
એક જ એ અભિલાષ...
મમ હૃદયે તવ વાસ (૨)
... એક જ ...

ના ચાહુ જગ કિર્તિ મેવા (૨)
ના વૈકુંઠ કે વાસ ... હો ... (૨)
સિદ્ધિ મલો જીવન બલી હોવા,
એ અંતરની આશા (૨) ... ઓ મા ...
... એક જ ...

સફ્લ વિફ્લની ના મુજને પરવા (૨)
પરવા મા તેરી સેવા ... હો (૨)
મહા આંધીમાં રહો નીરંતર
તુંજ ચરણે વિશ્વાસ (૨) ઓ મા ...
... એક જ ...



**હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કંઈ પાર નથી.**

હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કંઈ પાર નથી.

હે કરૂણાના કરનારા,
તારી કરૂણાનો કંઈ પાર નથી.
હે સંકટના હરનારા,
તારી કરૂણાનો કંઈ પાર નથી
મારા પાપ ભર્યા છે એવા,
તારી ભુલ્યો કરવી સેવા,
મારી ભૂલોના ભૂલનારા... તારી કરૂણાનો...
હે પરમકૃપાળુ વ્હાલા,
મેં પીધા વિષના પ્યાલા,
મારા જીવન રક્ષણહારા... તારી કરૂણાનો...
હું અંતરમાં થઈ રાજી,
ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા... તારી કરૂણાનો...
ભલે છોરૂ કછોરૂ થાયે,
તું માવિતર કહેવાયે,
મીઠી છાયાના દેનારા... તારી કરૂણાનો...
મને જડતો નથી કિનારો,
મારો ક્યાંથી આવે આરો,
મારા સાચા ખેવનહારા... તારી કરૂણાનો...
છે મારૂ જીવન ઉદાસી,
તારે ચરણે લે અવિનાશી,
ભક્તોના દિલ હરનારા... તારી કરૂણાનો...

**ઘટઘટના ઓ ઘડનારા, તને ભાંગ્યાનો ભેરૂ જાણું,**

ઘટઘટના ઓ ઘડનારા, તને ભાંગ્યાનો ભેરૂ જાણું,
ઘટઘટના ઓ ઘડનારા,
તને ભાંગ્યાનો ભેરૂ જાણું,
નાથ અનાથનો તું રે કહેવાયો,
આવીને સાચવે ટાણું
પ્રભુજી તારી અકળ લીલાને શું જાણું (૨)

નરસિંહ મહેતાની હુંડીનું ભરણું,.
વ્યાજ સાથે રે ચૂકવાણું,
એજી...મામેરૂ પૂરવાને આવ્યો છબીલો (૨)
પ્રત્યક્ષ પારખુ દેખાણું ... પ્રભુજી

દુઃખની મારી દ્રૌપદી રોતી,
મનડું ખૂબ રે મુંઝાણું.
એજી...ભરી સભામાં વ્હાલે ચીરજ પૂર્યા (૨)
નવસોને નવ્વાણું ... પ્રભુજી

બાઈ મીરાંના તમે કીધાં રખોપાં,
જેદી ખણ રે ખેંચાણું,
એજી..ઝેરના પ્યાલા વ્હાલે અમૃત કીધા (૨)
રૂદિયામાં નામ તો લખાણું ... પ્રભુજી

બોઢાણ કાજે દ્વારિકા છોડી,
નાથ ડાકોરમાં દેખાણો.
એજી...વ્હેલે બેસીને વ્હાલો ડાકોરમાં આવ્યો (૨)
રણછોડ નામે પંખાણો ... પ્રભુજી

## રામનામનો પ્યાસી ભમરો

રામનામનો પ્યાસી ભમરો
હરી નામનો પ્યાસી રે
ભમરા...ભલેને આવ્યો રે ... રામનામ

સ્વર્ગ ભવનથી આવ્યો ભમરો
સંત વૈકુંછઠનો વાસી રે... (૨)
એજી... પ્રેમનો પ્યાલો મારા ગુરુએ પાયો
છોડી ગયા ચોર્યાશી રે ... ભમરા

કરીલે ભમરા ગુરૂની વાતો
પુનમને આરોગી રે... (૨)
એજી... ઝગમગ ઝગમગ જ્યોત જલત હૈ
હું બની વૈરાગી રે ... ભમરા

છળકપટ કશુ કામના આવે ભાઈ
જો જોબનમાં જાતી રે... (૨)
એજી...અગમ ખેલ હે અનંત આજે
વચન બોલ્યા વૈરાગી રે ... ભમરા

કરીલે સાચા સંતની સેવા
આતમ જોને જાગી રે... (૨)
એજી... કહે ગુરૂનાનક ગંગા પ્રતાપે,
મારી તેં ભ્રમણા ભાંગી... ભમરા

**દિવડો ધરો પ્રભુ દિવડો ધરો,**

દિવડો ધરો પ્રભુ દિવડો ધરો,
તનના મનના તિમિર હરો ... દિવડો

માયા નગરીના રંગ રંગમાં,
કાયા મારી રંગાણી... પ્રભુ કાયા રંગાણી
ભવસાગરમાં ભમતા-ભમતા,
પ્રભુ પીધા મેં ખારા પાણી ... પ્રભુ
દેખાડો મને રાહ ખરો ... દિવડો ધરો

જાણી જોઈને મારગ વચ્ચે,
મેં તો રોપ્યા કાંટા ... પ્રભુ મેં તો આપ્યા કાંટા
અખંડ વહેતી, પ્રેમ નદીના
પડ્યા હજારો ફાંટા ... પ્રભુ પડ્યા હજારો ફાંટા
દુઃખડાં સર્વે દૂર કરો ... દિવડો ધરો

સ્વાર્થી આ સંસારમાં મુજને,
આશા એક તમારી ... પ્રભુ આશા એક તમારી
જીવનના સંગ્રામે જો જો,
જાવું ના હિંમત હારી ... પ્રભુ જાવું ના હિંમત હારી
હૈયે ભક્તિ ભાવ ભરો ... દિવડો ધરો

## નજર નિહાળું ત્યાં હે નારાયણ

નજર નિહાળું ત્યાં હે નારાયણ
વિધવિધ રૂપે ભાળુ ... નારાયણ વિધવિધ

ભિન્ન ભિન્ન પ્રકૃતિના માનવ,
તારા તેજ નિહાળું... નારાયણ વિધવિધ

સુર્ય ચંદ્ર જે પ્રકાશ દેતા,
સાગર સરિતાં વહેતાં વહેતાં,
તારો મહિમા જગને કહેતાં (૨)
તારૂ રૂપ નિહાળું... નારાયણ વિધવિધ

ઝાડ પહાડને ફળને ફૂલમાં,
વન-ઉપવન ને વૃક્ષને વેલમાં,
ધરતીના દરેક રંગમાં (૨)
રમતો નિત્ય દયાળુ... નારાયણ વિધવિધ

ધરતીમાં જ્યારે પાપો જાગે,
ધરતી રડતી કરૂણા રાગે,
રડતી રડતી ધરતી માંગે (૨)
તમે લ્યો અવતાર દયાળુ... નારાયણ વિધવિધ

અનેક ભક્તોને તમે ઉગાર્યા,
અનેક ભક્તોને પ્રેમે રે તાર્યા
ભાવે ભજે તેને નથી રે વિસાર્યા (૨)
એવો તું છે દયાળુ... નારાયણ વિધવિધ

## જલારામ, જલારામ, જય જલીયાણ

જલારામ, જલારામ, જય જલીયાણ
જનમન રંજન જીવન પ્રાણ....
અધમ ઉધારણ તારૂ નામ,
ભવસાગરમાં તારથ નાથ,
તુજ ભક્તોના કર કલ્યાણ,
નિર્મળ પદ છો તું નિર્વાણ....
જીભ થકી જપ્યે જલીયાણ,
લખ ચોર્યાસી તરસે પ્રાણ....
ભક્તો કહે અમે અબુધ અજાણ,
રક્ષા કરજો હે જલીયાણ....



## પ્રથમ નમન જલારામ, વીરપુરવાળાને (૨)

પ્રથમ નમન જલારામ, વીરપુરવાળાને
જેના અંતરમાં બેઠા રામ, પાઘડીવાળા રે...

સોરઠ દેશમાં જન્મ્યા લોહાણા ન્યાતમાં,
હાંરે...જેણે વસાવ્યુ વીરપુરગામ, ઢોલીયાવાળા રે ...

એકનો એક દીકરો મર્યો ઓલા ઘાંચીનો,
એજી...જલારામે પુર્યા પ્રાણ... પાઘડીવાળા રે...

કણબણની નથ ખોવાણી જાનમાં,
એજી.... જેણે નાળિયેરમાંથી કાઢી પાઘડીવાળા રે...

આરબોએ નિર્દોષ પંખીડાને માર્યા રે
એજી... એને જીવતા કરી ઉડાવ્યા, લાકડીવાળા રે...

જલારામ મંડળ દર્શને આવે તારે મંદિરે,
હાં રે...બાપા સૌને સુખીયા રાખો, વીરપુરવાળા રે...

## અલ્લાનો અવતાર તારો કોઈ ન આવે પાર

અલ્લાનો અવતાર તારો કોઈ ન આવે પાર
જલા તું અલ્લાનો અવતાર.

જ્યારે જ્યારે પાપ વધેને, ભુમિ કરે પુકારજી (૨)
ત્યારે ત્યારે રૂપ લઈને આવે છે કિરતાર
જલા તું અલ્લાનો અવતાર.

એવી રીતે આવ્યો જગમાં, માનવ પુરમો મોઝારજી (૨)
એ.. વીરપુરમાં વાસ કીધો શોધ્યો જીવનદાન
જલાતું અલ્લાનો અવતાર.

લાકડીને માળા તારા, શોભીતા શણગારજી (૨)
એ.. મનમાં રાવણ જેવું તારૂં દુનિયાના દાતાર.
જલાતું અલ્લાનો અવતાર.

તારે ચરણે તીરથ સઘળા છોડાવે સંસારજી (૨)
એ.. ગોવિંદ એ ચરણોની સેવા (૨) માંગે વારંવાર
જલાતું અલ્લાનો અવતાર.

## રૂડું તે ગામ વીરપુરનું રે એમાં વસે જલારામ

રૂડું તે ગામ વીરપુરનું રે એમાં વસે જલારામ
જગથી ચિરે રે એની ઝુંપડી,
જલારામ લાગુ તને પાય (૨)          રૂડુ તે ગામ...

ઉજળા તેં વસ્ત્રો પહેર્યા રે માથે પાઘડી સોહાય,
હાથે માળાને લાકડી,
જલારામના અવતાર (૨)          રૂડુ તે ગામ...

અંધાને આપે આંખડી રે, આપે પાંગળાને પગ,
ભુખ્યા દુઃખ્યાંનો જલા આશરો,
એના દીલ દરિયાવ (૨)          રૂડું તે ગામ...

અમૃત ઘૂંટી જલાની જીભમાં રે, બોલે મડદા બેઠા થાય.
પરચા પુર્યા છે ગામે ગામમાં,
જલા ઓલીયાના અવતાર (૨)          રૂડુ તે ગામ...

ભક્તો આવે છે દેશ દેશના રે, તારે દર્શનને કાજ
ધુન મચાવે તારા નામની
હાં રે દર્શન દેને જલારામ (૨)          રૂડું તે ગામ...

ભક્ત મંડળની વિનંતી રે ધ્યાને લેજો જલારામ
ભક્ત જનોને તારવા,
હાંરે...બીજો લેજો અવતાર (૨)          રૂડુ તે ગામ...

## ભગવાન પધારો ભગવાન

ભગવાન પધારો ભગવાન
તમો આજ અમારા મહેમાન
સૃષ્ટિના સર્જનહાર પધારો,
ભક્તોના તારણહાર,
માધવમોહન મુકુંદ આવો,
આવી આપ સંભાળો સુકાન
પધારો... ભગવાન...તમો

જનમો જનમ રહુ, શ્યામ તુજ સંગે
હું થાઉં ભલે હેરાન
ભક્ત વત્સલ દાસ પધારો
તમો માંગી રહ્યા છો માન
પધારો... ભગવાન...તમો

અંતરની વેદના કોઈ નવ જાણે,
હું ભૂલી ગયો શુધ્ધ શાન,
જેવો તેવો પણ દાસ તમારો
હું બાલ છું નાદાન
પધારો... ભગવાન...તમો

ભક્તો આજે ભેગા મળીને,
ગાઈ રહ્યા તુજ ગાન,
ભક્તો પ્રેમ વિનવે વ્હાલા
દેજો દર્શન... દાન
પધારો... ભગવાન...તમો

**વિધિના લખ્યા લેખ લલાટે ઠોકર ખાય ખાય ખાય**

વિધિના લખ્યા લેખ લલાટે ઠોકર ખાય ખાય ખાય

શ્રવણ કાવડ લઈને ફરતો

સેવા માતપિતાની કરતો

તીરથે તીરથે ડગલાં ભરતો ચાલી જાય જાય જાય ...વિધિ...

કરવા માતપિતાની સેવા

શ્રવણ જાય પાણી લેવા

ઘડુલો ભરતાં મૃગના જેવા શબ્દો થાય થાય થાય ...વિધિ...

દશરથ મૃગીયા રમવા આવ્યો

શબ્દ સૂણી બાણ ચઢાવે

શ્રવણનો જીવ જાય છોડી કાય કાય કાય ...વિધિ...

અંધ માતપિતા ટળવળતાં

દીધો શ્રાપજ મરતાં મરતાં

દશરથ મરજો રામ સંભાળતા કરતા હાય હાય હાય ...વિધિ...

જ્યારે રામજી વન સંચરીયા

દશરથ પુત્ર વિયોગે મર્યા

માથે દુ:ખના દરિયા ઉભરાય જાય જાય જાય ...વિધિ...

## જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું (ટેક)

આ રે કાયા રે હંસા ! ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલું રેખું તો રહ્યું ... મારો.

તારે ને મારે હંસા ! પ્રીત્યું બંધાણી રે,
ઊડી ગયો હંસ, પિંજર પડી તે રહ્યું ... મારો.

બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરિધરનાગર !
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં, ... મારો.



**હે કરૂણાનાં સાગર શ્રીરામ, મારી જીભે ચડ્યું તારું નામ;**

હે કરૂણાનાં સાગર શ્રીરામ, મારી જીભે ચડ્યું તારું નામ,
તારી ભક્તિ કરૂં ભવસાગર તરૂ, કદી હારૂં ના હૈયાની હામ,
હે કરૂણાનાં સાગર...

ભલે વિપતના વાદળ ચડે, મારો નિશ્ચય કદી ના ફરે,
સાંધી તનમનનો તાર, કરૂ તુજને પોકાર, મારા જીવનનો ફેરો ટળે
હે કરૂણાનાં સાગર...

છોડી દુનિયાની માયા તમામ, મને મળિયું છે ઠરવાનું ામ
તારી ભક્તિ કરૂ, ભવસાગર તરૂ, કદી હારૂ ના હૈયાની હામ...
હે કરૂણાનાં સાગર...
તારી સેવાનો લ્હાવો મળે, મારી લાખોની ઉપાધી ટળે,
માંગુ સંતોનો સંગ, લાગે ભક્તિનો રંગ, મારી આંખેથી અમૃત ઝરે
હે કરૂણાનાં સાગર...

ભક્તો માંગે છે દર્શનના દાન, તારા ચરણોમાં છે ચારે ધામ,
તારી ભક્તિ કરું, ભવસાગર તરું, કદી હારૂ ના હૈયાની હામ...
હે કરૂણાનાં સાગર...

## અંતરિયું તલસે રે...શિવજી તારી પૂજા વિના

(રાગ : વાદલડી વરસી રે)

અંતરિયું તલસે રે...શિવજી તારી પૂજા વિના

મારૂ કેશર ભીનુ ચંદન રે...પ્રભુજી તારી રાહ જુએ,
જોજો આવતા મોડું (૨) થાયના રે
ચંદન મારૂં સૂકાઈ ના જાય......મંદિરીયું...

મારા ફૂલડા કેરી માળા રે..પ્રભુજી તારી રાહ જુએ
જો જો આવતા મોડું (૨) થાય ના રે
ફૂલો મારા કરમાય ન જાય......મંદિરીયું...

મારો ભાવભીનો પ્રસાદ રે......પ્રભુજી તારી રાહ જુએ
જો જો આવતા મોડું (૨) થાય ના રે
પ્રસાદ મારો ઠંડો ના થાય.....મંદિરીયું...

મારી કપુર કેરી આરતી રે..પ્રભુજી તારી રાહ જુએ
જો જો આવતા મોડું (૨) થાય ના રે
આરતી મારી બુઝાય ના જાય......મંદિરીયું...

મારી પુજામાં તે શું છે ખામી..પ્રભુજી મારી સામે જુઓ
તારો પ્રેમી ભક્ત (૨) વિનવે રે
કે શીદ ને વિલંબ કરો......મંદિરીયું...

# દર્શવ દો ઘનશ્યામ

દર્શવ દો ઘનશ્યામ નાથ, મારી અખિયાં પ્યાસી રે,
મન મંદિરમેં જ્યોત જગાદે, ઘટઘટ વાસી રે.

મંદિર મંદિર મુરત તેરી
ફિરભી ન દેખી સુરત તેરી
યુગ બીતેના આયી મિલનકી પુરન બાસી રે...મન મંદિરમેં...

ધ્વાર દયાકા જબ તુ ખોલે
પંચમ સુરમેં ગુંગા બોલે
અંધા દેખે લંગડા ચલકર, [illegible] કાશીરે...મન મંદિરમેં...
પહુંચે

પાની પીકર પ્યાસ બુઝાવું
નૈનન કો કૈસે સમજાવું.
આંખ મીચોલી છોડો અબતો મનકે બાસી રે...મન મંદિરમેં...



## કહેજે કહેજે રે તારા કાનુડાને કહેજે

કહેજે કહેજે રે તારા કાનુડાને કહેજે
એકાંતે બેસાડી જરા મીઠો ઠપકો દેજે રે  કહેજે...

વાંકા બોલો લાલ તારો વાંકી એની ચાલ છે,
વાંકા એના વાળ છે ને વાંકુ એનું વહાલ છે,
વાંકી એની આદતોથી પાછો પાળી લે જે  કહેજે...

જેની તેની સાથે ઝગડે જબરો ઝગડાખોર છે,
વાટે ઘાટે દહાડે રાતે જબરું એનું જોર છે,
કહેજે એને સૌની સાથે વ્હાલ ભર્યો રહેજે  કહેજે...

કોઈનું કહેવું માને નહિ એવો ફાંકો રાખતો,
સૌનાં કામ માંહે સદા વિઘ્ન આવી નાખતો,
કોણ જાણે શું ભર્યું છે, એતો એના ભેદે  કહેજે...

પુનિત વાતો કહેતા એને ખોટું લાગી જાય છે,
સીધું કહેતા અવળું લાગે ઓચિંતો રિસાય છે,
કહેજે એને 'રામ ભક્ત' સાથે સીધો રહેજે  કહેજે...

## એકવાર એકવાર એકવાર મોહન

એકવાર એકવાર એકવાર મોહન
મારે મંદિરીએ આવો રે.
મારે મંદિરીએ આવો મારા વ્હાલા
મારા આંગણિયા શોભાવો રે... મારે મંદિરીએ...

માયાની મૂડીમાં એક રામનામ છે,
બીજી વસ્તુના અભાવો રે... મારે મંદિરીએ...

નાના શી ઝૂંપડીને મન મારા મોટડા
માટે સંકોચ ના લાવો રે... મારે મંદિરીએ...

અંતરના પ્રેમથી આપણે વધાવશું
લઈશું અમો લખ લહાવો રે... મારે મંદિરીએ...

તારે ને મારે પ્રીત-પુરાણી,
પૂરણ ખ્યાલ કંઈ લાવો રે... મારે મંદિરીએ...

શંકર કહે છે પ્રભુ પ્રેમને આધીન છે,
પ્રેમરસ પીવો ને પાવો રે... મારે મંદિરીએ...

## વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે.

વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે.
એનો શબ્દ ગગનમાં ગાજે છે, વૃંદાવન મોરલી...

વૃંદા તે વનને મારગ જાતાં,
દાણ દહીંનું માંગે છે ... વૃંદાવન.

અમે સૂતા'તા ભરનિદ્રામાં,
વેરણ નણંદી જાગે છે ... વૃંદાવન.

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
રાસ મંડળમાં વિરાજે છે ... વૃંદાવન

પીળા પીતાંબર જરકસીજામા,
પીળો તે પટકો બિરાજે છે ... વૃંદાવન.

આણી તીરે ગંગાને પેલી તીરે જમના
વચમાં ગોકુળિયું ગાજે છે ... વૃંદાવન.

કાને છે કુંડળ માથે છે મુગટ,
મુખ પર મોરલી બિરાજે છે ... વૃંદાવન.

વૃંદા તે વનની કુંજ ગલીમાં,
થનક થનક થૈ નાચે છે ... વૃંદાવન.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
દર્શનથી દુઃખડા ભાગે છે ... વૃંદાવન.

## મંગલ મંદિર ખોલો,

મંગલ મંદિર ખોલો,
દયામય મંગલ મંદિર ખોલો...

જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઉભો શિશુ ભોળો
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો... દયામય.

નામ મધુર તમ રટ્યો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો
દિવ્ય તૃષાતર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો.. દયામય.



## હે પ્રભો આનંદદાતા,

હે પ્રભો આનંદદાતા,

જ્ઞાન હમકો દીજીએ.

શીઘ્ર સારે દુર્ગુણોકો,

દૂર હમસે કીજીએ ... હે પ્રભો.

લીજીએ હમકો શરણમેં,

હમ સદાચારી બને,

બ્રહ્મચારી ધર્મ રક્ષક,

વીર વ્રતધારી બને ... હે પ્રભો.

પ્રેમ સે હમ ગુરુજનોકી,

નિત્ય હો સેવા કરે,

સત્ય બોલે જૂઠ ત્યાગે,

મેળ આપસમેં કરે ... હે પ્રભો.

નીંદા કીસીકી હમ કીસીસે,

ભુલકર ભી ના કરે,

દિવ્ય જીવન હે હમારા

તેરે પાસ ગાયા કરે ... હે પ્રભો.

## પાગલ બનાવ મને પાલગ બનાવ

પાગલ બનાવ મને પાલગ બનાવ

તારા ભજનમાં મને પાગલ બનાવ...

પાગલ પૂરો બનીને, તુંજને પુકારું વ્હાલા (૨)

તારા શરણ વિના (૨) શરણું છોડાવ ... તારા ભજન

બેસાડી રાતદિન, તારા ચરણમાં વ્હાલા (૨)

હેયું ભરેલું મારૂ (૨) મુજને રડાવ ... તારા ભજન

દુનિયા લોક ભલે કહેરે દિવાનો મને (૨)

પરવાની લેશ નહિ (૨) કોઈની કરાવ ... તારા ભજન

પાગલ પૂરો થઈને પછી કરૂ પાર્થના (૨)

મોહન મધુર તારૂ (૨) મુખડું બતાવ ... તારા ભજન

તારૂ રટણ મને, દર્શન કરાવે વ્હાલા (૨)

તારા ચરણમાં (૨) દેહ પડાવ ... તારા ભજન

નથી શ્રી રણછોડ મારી બીજી કોઈ માંગણી (૨)

માનવ જનમ તું (૨) સફળ કરાવ ... તારા ભજન

## મનડાનો મેલ મરી જાય સાચા સત્સંગથી

•

મનડાનો મેલ મરી જાય સાચા સત્સંગથી
ક્લેશ અને દ્વેષ ઘટી જાય સાચા સત્સંગથી

નીયમ સદાચાર સત્સંગના દ્વાર છે.
બેસનારા મુગ્ધ બની જાય ... સાચા.

નિર્મળ જ્ઞાનની જ્યોતિ પ્રગટતા,
સાચ અને જૂઠ પરખાય ... સાચા.

શાસ્ત્રોને ગ્રંથમાં શ્રદ્ધા ઉપજતા,
જ્ઞાન અને બોધ મળી જાય ... સાચા.

ભગવદ્ કૃપાથી સદ્ગુરુ સાંપડે,
મનને શાંતિ મળી જાય ... સાચા.

કૃષ્ણ કૃપાળુ મળે ગુરુજીની કૃપા ફળે,
જીવન ધન્ય બની જાય ... સાચા.



## યહ પ્રેમ સદા ભરપૂર રહે,

યહ પ્રેમ સદા ભરપૂર રહે,
ભગવાન તુમ્હારે ચરણોંમે,
યહ અરજ મેરી મંજૂર રહે,
ભગવાન તુમ્હારે ચરણોંમે.....

જીવન હી મૈંને સૌંપ દીયા,
હૈ દૌર તુમ્હારે હાથો મેં,
તુમ હાથ પકડ અબ યે મેરા,
ભગવાન તુમ્હારે હાથોંમે.....

સંસાર અસાર હૈ સાર નહી,
બાકી ન રહીં અબ ભુખ સહી,
મે હું સંસાર કે બંધન મેં,
સંસાર તુમ્હારે હાથોમેં.....

આંખોમેં સદા યહ ધ્યાન રહે,
ઔર મન ચરણોંમે લગા રહે,
એ અંત સમયકી અરજી હૈ,
ભગવાન તુમ્હારે ચરણોંમે.....

યહ બાર બાર મેં કહેતા હું,
આગે પ્રભુ આપકી મરજી હૈ,
યહ ભાવ સભી ભક્તન કે હૈં
ભગવાન તુમ્હારે ચરણોંમે ...યહ પ્રેમ.

## હે જગદાતા વિશ્વવિધાતા,

હે જગદાતા વિશ્વવિધાતા,
હૈ સુખ શાંતિ નિકેતન હૈ !

પ્રેમ કે સિંધુ દીન કે બંધુ,
દુઃખ દરિદ્ર વિનાશક હૈ... હે જગદાતા...

નિત્ય અખંડ અનંત અનાદી,
પૂરણ બ્રહ્મ સનાતન હૈ... હે જગદાતા...

જગ આશ્રય જગપતિ જગવંદન,
અનુપમ અલખ નીરંજન હૈ... હે જગદાતા...

પ્રાણ સખા ત્રિભુવન પ્રતિ પાલક,
જીવન કે અવલંલન હૈ... હે જગદાતા...



**શ્રી રામચન્દ્ર આશ્રિત પારિજાત હૈ**

શ્રી રામચન્દ્ર આશ્રિત પારિજાત હૈ
સમસ્ત કલ્યાણ ગુણા વિરામહ
સીતા મુખામ્બર હુ ચંચરી કર
નિરન્તરમ મંગલમ માતનાં તુ
આ ...આ... આ....

જય રઘુનન્દન જય સીયારામ
હે દુઃખભંજન તુમ્હેં પ્રણામ - ૨

ભ્રાત ભ્રાત કો હૈ પરમેશ્વર નેહ તુમ્હી
સિખલાતે
આ ...આ... આ....
નરનારી કે પ્રેમ કી જ્યોતિ ...
જગમેં તુમ્હીં જલાતે
ઓ નૈયા કે ખેવન હારે
જપું મૈં તુમરો નામ
જય રઘુનંદન જય સીતારામ ... (૨)

તુમ હી દયા કે સાગર પ્રભુજી
તુમહી પાલન હારે
ચૈન તુમ્હી સે, પાએ કેવલ
મનવા ઝાંક સકારે
જો ભી તુમ્હારે આસ લગાયે
બને ઉસીકે કામ
જય રઘુનંદન જય સીતારામ (૨)

**હરી ૐ, હરી ૐ, હરી ૐ, હરી ૐ**

હરી ૐ, હરી ૐ, હરી ૐ, હરી ૐ
હરી હરી હરી ૐ
હરી ૐ, હરી ૐ, હરી ૐ, હરી ૐ
હરિ, હરિ હરિ ૐ

મુઝે લાગી લગની હરિ દર્શનકી હરી દર્શનકી
હરી ૐ..........હરી ૐ

જૈસે બનમે પપીહા મનમેં, પપીહા મનમેં,
આશ કરી નીત બરસનકી ... હરી દર્શન કી

ગલે બન માલા મુકુટ વિસાલા, મુકુટ વિસાલા,
નીત બંસન સુંદર તનકી ... હરિ દર્શન કી.

મણી કટી ઉપર ચરનન નુંકુર, ચરનન નિંકુર
તનમેં ઘટા સુદર્શનકી ... હરિ દર્શન કી

બ્રહ્માનંદ પ્યાસ મન માંહી, પ્યાસ મન માંહી
ચરન કમલ યુગ, બરસનકી ... હરિ દર્શન કી.
હરી ૐ..........હરી ૐ

## માડી મારી નાવને તું તારજે.

માડી મારી નાવને તું તારજે
સુખમાં કે દુઃખમાં સંભાળજે ... માડી.

આસરો આધાર તારો એક છે,
આંટીઘૂંટીમાં મને ઉગારજે ... માડી.

તારા વિના કોણ છે બીજું મારૂં,
પાંખમાં રાખી સહાયે પાળજે ... માડી.

મોહને માયા મહીં અટવાઉંતો,
તારા પંથે મન મારૂં વાળજે ... માડી.

માતા કુમાતા કદી થાતી નથી,
હેત રાખી હાથ મારો ઝાલજે ... માડી.

ભક્તોની અરજીને લેજે ધ્યાનમાં,
આંખડી પાવન કરી દીલ ઠારજે ... માડી.

## અબ સૌંપ દિયા ઈસ જીવનકા,

અબ સૌંપ દિયા ઈસ જીવનકા,
સબ ભાર તુમ્હારે હાથોં મેં (૨)
હૈ જીત તુમ્હારે હાથોં મેં,
ઓર હાર તુમ્હારે હાથોં મેં (૨)
મેરા નિશ્ચય બસ એક યહી,
એકબાર તુમ્હેં પા જાઉં મેં,
અર્પણ કર દું દુનિયા ભરકા,
સબ પ્યાર તુમ્હારે હાથો મેં (૨)
જો જગમેં રહું તો એસે રહું,
જ્યોં જલમેં કમલકા ફૂલ રહે,
મેરે ગુણ દોષ સમર્પિત હો,
કરતાર તુમ્હારે હાથોંમેં (૨)
યદિ માનવકા મુજે જનમ મિલે,
તો તવ ચરણોં કા પુજારી બનું,
ઇસ પુજકકી ઈક ઈક રગકા,
હો તાર તુમ્હારે હાથો મેં (૨)
જબ જબ સંસારકા કૈદી બનું,
નિષ્કામ ભાવસે કર્મ કરૂં,
ફિર અંત સમયમેં પ્રાણ તજૂં,
નિરાકાર તુમ્હારે હાથોં મેં (૨)
મુઝમેં તુઝમેં બસ ભેદ યહી,
મૈં નર હું તુમ નારાયણ હો,
મૈં હું સંસાર કે હાથોં મેં,
સંસાર તુમ્હારે હાથોં મેં (૨)

## સદા ધરૂં હું તારૂ ધ્યાન,

સદા ધરૂં હું તારૂ ધ્યાન
મારી વહારે ચઢો ભગવાન.
રાત દિવસ હું રખડી રખડી,
ગાવું તમારા ગુણગાન ... મારી વહારે

રહેવું છે એ તુંજ ચરણમાં
એવી આશા છે મુજ મનમાં,
દર્શનની અભિલાષા મનમાં,
મસ્તક ધરૂ હું તુજ ચરણમાં
ભવસાગરમાં ભટકી ભટકી,
આવી રહ્યો તું જ દ્વાર ... મારી વહારે.

દુઃખીયા મારા આ જીવનમાં,
મસ્ત રહ્યો વ્હાલા તું જ ભજનમાં
બાબુ કહે છે તુંજ ચરણમાં,
ભક્તિ રહે મારા પ્રાણ જીવનમાં
અંત સમયની અરજી મારી,
લે જો વ્હાલા ધ્યાન ... મારી વહારે

**પ્રભુ અજબ ગજબ તેરી માયા, પ્રભુ ...**

પ્રભુ અજબ ગજબ તેરી માયા, પ્રભુ
માયામાં તો ભાન ભુલીને,
ભલા ભલા ભરમાયા ... પ્રભુ

જ્ઞાની જોગી સીદ્ધા દિગંબર,
અધવચમાં અટવાયા ... પ્રભુ

ભેદ ભરેલી ભુલ ભુલામણી,
ભુલ્યા એ જ ફસાયા ... પ્રભુ

નાંખી નજર ન પહોંચે ક્યાંયે,
ભુલ્યા ડાહ્યા ડાહ્યા ... પ્રભુ

પંડિત કાજીને વિજ્ઞાની ,
કંઇક થયા રઘવાયા ... પ્રભુ

વિશ્વામિત્ર શ્રૃંગી પરાસર,
નારદજી લપટાયા ... પ્રભુ

ગોવિંદ સચરાચર સૃષ્ટિમાં,
જબરી એની છાયા ... પ્રભુ

## મન તડપત હરિ દર્શનકો આજ,

મન તડપત હરિ દર્શનકો આજ,
મોહે તુમ બિન બિગરે સઘરે કાજ,
    બિનતિ કરત હું રખિયો લાજ ... મન

તુમરે દ્વારકા મેં હું જોગી,
હમરી ઓર નજર કબ હોગી,
    સુનો મોરે વ્યાકુલ મનકા બાજ ... મન

બિન ગુરુ જ્ઞાન કહાંસે પાંઉ,
દિજો જ્ઞાન હરિગુણ ગાઉં,
    સબ ગુનીજન પે તુમરા રાજ ... મન



## **માનવ તું વિચારી, રામને ભજીલે (૨)**

માનવ તું વિચારી, રામને ભજીલે. (૨)
જનમ જનમ ના બંધન તારા,
પલમાં તુટી જાશે ... માનવ.

ખીલેલ કાયા તારી, પળમાં રોળાઈ જાશે,
માયાની મહેફિલમાં તું, ભરમાઈ જાશે.
સંસારીના પંખીડા તો,
પલમાં ઉડી જાશે ... માનવ.

સ્વારથ ભર્યા સંસારમાં, તું અટવાઈ જાશે,
પંખીડાનો માળો, તારો પલમાં તુટી જાશે,
રામ ભજન કર તારૂ,
જીવન જીવી જાને ... માનવ.



## પ્રેમ ભરેલું હૈયું લઇને દ્વારે આવ્યો તારે મા,

પ્રેમ ભરેલું હૈયું લઇને દ્વારે આવ્યો તારે મા,
તું જો મુજને તરછોડે તો, દુનિયામાં જાઉં ક્યાં ... પ્રેમ.

જાણું ના હું પૂજા તારી, જાણું ના ભક્તિની રીત,.
કાલીઘેલી વાણીમાં હું, ગાઉં માડી તારા ગીત,
બાળ બનીને ખોળે તારા, રમવાને હું આવ્યો મા ... પ્રેમ.

સંસારીના સુખડા કેરી, વાત વિસારે મેલી દે,
દીન દયાળી ઓ જગદંબા, એક હવે તું બેલી છે,
કંઇક જનમના પાપો મારા, ધોવાને હું આવ્યો મા ... પ્રેમ.

માડી તારા દર્શનને કાજે, દિલડું મારું ઝંખે છે,
બિન્દુની આંખલડીમાંથી, અશ્રુધારા ટપકે છે,
ચાકર રહીને ચરણે તારા, રહેવાને હું આવ્યો મા ... પ્રેમ.

## ગોખે ઝુલે અંબે માત, ગબર કેરાં ગોખે ઝુલે છે ...

ગોખે ઝુલે અંબે માત, ગબર કેરાં ગોખે ઝુલે છે ... ટેક.
સાવ સોનાનો 'મા' નો હિંડોળો ચમકે,
સોનાની સાંકળોમાં ઘુઘરીઓ ઘમકે
હિરલા રતન જડયા ત્યાંય ... માત મારા ગોખે ઝુલે છે.

હીરની દોરીએથી હીંચકાં હાલતાં
અનુપમ અનીલ વાય માવડીઓ મ્હાલતાં
ઝુલેને ગરબા ગાય ... માત મારાં ગોખે ઝુલે છે.

સાથમાં ઝુલે છે બહુચર બેનડી,
કાલીઘેલી વાત કરે દિસે છે ઘેલડી,
મીઠાં મીઠાં ગીતડા ગાય ... માત મારા ગોખે ઝુલે છે.

મદમાતી મસ્ત ભલે દિસે મહાકાળી,
ભાસતી કઠોર પણ દિલની દયાળી,
'પ્રતાપ' જેનો નિત્ય સહુ ગાય ... મારાં ગોખે ઝુલે છે.



## રંગમાં રંગમાં રંગમાં રે,

રંગમાં રંગમાં રંગમાં રે,
બાળી બહુચરમાં ખેલે છે રંગમાં.
અંબે બાળીને લીએ રંગતાળી
થૈકાર થૈકાર થંભમાંરે

અનેક અસુરો માએ સંહાર્યા
શોભા બની માના સંગમાં રે

સોળે શણગાર માના અંગે સોહાએ
નથી ચુની જડી છે નંગમાં રે

ચાચર આગળ છંદ જ બોલે,
ગરબે રમે છે આનંદમાં રે

ચુવા તે ચંદન કેશર કસ્તુરી,
અબીલ ઉડે છે આનંદમાં રે

ચોસઠ જોગણી મા ચાચર ખેલે,
ગરબો ગાયો આનંદમાં રે

વલ્લભ કહે માને ભાવે ભજોને,
જઇ નાહ્યા તે ગંગામાં રે ...

## ગરબા સૌએ ગાય, આજ માના ગરબા સૌએ ગાય,

ગરબા સૌએ ગાય, આજ માના ગરબા સૌએ ગાય,

નોરતાના લેવા લહાવા, આજ માના ગરબા સૌએ ગાય.

પહેલે નોરતે પહેલે કરીને, બીજે મનડા હરખાય

... આજ માના.

ત્રીજે વિવિધ તાપ મૈયા નિવારથી, ચોથે ચમત્કારો થાય

... આજ માના.

પાંચમે પુષ્ટીવૃષ્ટી દેવો સૌ કરતાં છઠે છોગાળા માય

... આજ માના.

સાતમે સાત પડ ધરણીના ધ્રુજતા આઠમે હવન હોમ થાય

... આજ માના.

નવમે નવરાત્રનો નવતર રંગ છે, સૌ દેવી માગે વિદાય

... આજ માના.

ઉઠી અંબા કહે ચાલો સૌ બેનડી, ઝાંઝરીયા ઝમઝમ થાય

... આજ માના.

રથડા ચાલે ત્યારે મીઠો રણકાર છે, ઘુઘરા ઘમઘમ થાય

... આજ માના.

'પ્રતાપ' શીશ મૂકીને માતને આરદે, સમયે કરજો સહાય.

... આજ માના.

**ઘોર અંધારી રાતલડી મેં દીઠાં ચાર અસવાર,**

ઘોર અંધારી રાતલડી મેં દીઠાં ચાર અસવાર,
લીલે ઘોડે રે કોણ ચડે મા રાંદલનો અસવાર.

રાંદલ માવડી રે ઘોડે ચડયા મા, સોળે સજ્યો શણગાર,
રમજો રમજો રે ગોરણીઉં, તમે રમજો સારી રાત ... ઘોર. ૧.

સવામણનું રે સુખડું મા, અધમણની કુલેર,
જમજો જમજો રે ગોરણી ઉં, તમે રમજો સારી રાત ... ઘોર . ૨.

કાળે ઘોડે રે કોણ ચડે મા, કાલકાનો અસવાર,
કાલકા માવડી રે ઘોડે ચડયા મા, સોળે સજ્યો શણગાર... ઘોર . ૩
સવામણનું રે સુખલડું મા, અધમણની કુલેર,
જમજો જમજો રે ગોરણીઉં, તમે રમજો સારી રાત ... ઘોર

ધોળે ઘોડે રે કોણ ચડે મા, બહુચરનો અસવાર,
બહુચર માવડી રે, ઘોડે ચડયા મા, સોળે સજ્યા શણગાર.
સવામણનું રે સુખલડું મા, અધમણની કુલેર,
જમજો જમજો રે ગોરણીઉં, તમે રમજો સારી રાત ... ઘોર. ૪.

રાતે ઘોડે રે કોણ ચડે મા, હિંગળાજનો અસવાર,
હિંગળાજ માવડી રે ઘોડે ચડયા મા, સોળે સજ્યા શણગાર.
સવામણનું સુખડું મા, અધમણની કુલેર,
જમજો જમજો રે ગોરણીયું, તમે રમજો સારી રાત ... ઘોર. ૫.

**પાપ તારું પ્રકાશ જાડેજા ....**

પાપ તારું પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલસ કે'છે જી.

તોડી સરોવર પાળ, સતી નારી તોડી સરોવર પાળ રે.
ગૌધન તરસ્યાં વાળિયાં (૨)
તોળાંદે રે એમ જેસલ કહે છે જી. ...પાપ તારું.

લૂંટી કુંવારી જાન સતી નારી લૂંટી કુવારી જાન રે,
મેં તો સાત વીસું મોડબંધા મારિયો. (૨)
તોળાંદે રે એમ જેસલ કે'છે જી ... પાપ તારું.

હરણ હર્યાં લખ ચાર, સતી નારી (૨)
મેં તો વનના તે મોરલા મારિયા,
તોળાંદે રે એમ જેસલ કે'છે જી ...પાપ તારું.

ચરતી વાળી ગાય સતી નારી (૨)
મેં તો બેન ભાણેજને દુભાવિયાં
તોળાંદે રે એમ જેસલ કે'છે જી ...પાપ તારું.

જેટલા માથાના વાળ સતી નારી (૨)
એટલા તો કરમ મેં કરિયા,
તોળાંદે રે એમ જેસલ કે'છે જી. ...પાપ તારું.

પાપ તારું પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)

## "ઈશ્વર ક્યાં છે"?

### રાગ : "મારા જીવન કેરી નાવ"

પૂછે ઈશ્વર ક્યાં છે? બતાવ ? (૨)
ઈશ્વર તારી પાસે છે ... (૧)

માયા બંધનમાં બંધાઈ, અંધ બને છે માનવી.
તારી અંતર જ્યોત જલાવ (૨) ઈશ્વર ત્યાં પ્રકાશ, ... (૨)

મંદિર મસ્જિદ ચર્ચમાં શોધી, શોધ કરી ગુરૂદ્વારે
ક્યાંથી ઈશ્વર ઝાંખી થાય (૨) મનમાં મેલ જમાવે છે ... (૩)

રામાયણમાં રામને શોધે, રાવણનો લેબાશ છે.
અંતર ધ્યાન રહે રઘુરાય (૨) મોતના ઘંટ વાગે છે ... (૪)

ત્યાગની મૂર્તિ ધ્રુવપ્રહલાદની, પાંચ વરસના બાળ છે.
તારી પચાસની વરતાય (૨) રહી શું હોંશ બાકી છે. ... (૫)

પ્રાણી માત્રને પ્રેમથી નિરખે, ઈશ્વર અનુભવ થાય છે.
શ્રદ્ધા વિશ્વાસને વરી જાય (૨) "મને" હરિભાવ જાગે છે. ... (૬)



## પ્યારે જીનરાજ હો, મેરે જીનરાજ હો

(રાગ : જીયા બેકરાર હૈ)

પ્યારે જીનરાજ હો, મેરે મહારાજ હો
આઓ મેરે મહાવીર, મેરે સરતાજ હો ... પ્યારે જીનરાજ

દેવો પૂજે, દેવીઓ પૂજે, સબ પૂજન કે તરસે હો
સબ પૂજન કે તરસે હો..
ભાવો સે મૈં પૂજું પાયલિયાં, ભક્તિરસ દિલ બરસે હો
ભક્તિરસ દિલ બરસે હો ... પ્યારે જીનરાજ
નૈનોંસે મૈં તૂજકો દેખૂં, મનમંદિર બિઠલાયે હો
મનમંદિર બિઠલાયે હો
જ્યોતિ સે અબ જ્યોતિ મિલાકે, દિલમેં ધ્યાન લગાયે હો
દિલ મેં ધ્યાન લગાયે હો ... પ્યારે જીનરાજ
તુજ કો મૈં તો ઢુંઢ રહા હું, દરસન તો દિખલા હો,
દરસન તો દિખલા હો,
તેરી એક જ આશ લગાયે, મેરે મહાવીર આજા હો
મેરે મહાવીર આજા હો ... પ્યારે જીનરાજ
સદ્‌ગુરુ કી કૃપા હુઈ અબ, રાહ મુજે દિખલાયે હો,
રાહ મુજે દિખલાયે હો,
અબ તો મેરા જીવનભર મેં, તેરે હી ગુન ગાયે હો,
તેરે હી ગુન ગાયે હો ... પ્યારે જીનરાજ

## મારી આ જીવન નૈયા

(રાગ : રમૈયા વતાવૈયા ...)

મારી આ જીવન નૈયા ... (૨) જો જેના ડુબે નૈયા.

નાવ ઝોલે ચઢી, ઉંચે આભે ચઢી,
મારે જાવું છે દૂર કાંઇ સુજે નહીં,
નથી જડતી કડી રાત કાળી નડી,
ઘનઘોર ઘટા જાણે છાઈ રહી,
દશા છે આવી મારી, એને તું લે ઉગારી ... જોજેના

મેઘ ભીષણ ગરજે, વીજ કડકડ બોલે,
મને એકે કિનારો જોવા ન મળે,
તને યાદ કરું છું હું પળેપળે
સાગર છે બહુ તોફાની, પ્રભુ તું છે સુકાની ... જોજેના

ચંદ્ર વાદળ છુપાય, તારલીયા ના દેખાય,
રાત અંધારી કેમે કરીના સહેવાય,
નાવ મારી અથડાય, મોજા સાથે પછડાય,
નાવ તુટીને અંદરમાં પાણી ભરાય,
નૈયા જો ડુબે મારી, જાશે પ્રભુ લાજ તારી ... જોજેના

મારી જીવનની નાવ, પાર એને લગાવ,
મારા અંતરના ખુણામાં દીપક પ્રગટાવ,
જાય જેથી અંધકાર, પહોંચું સાગરને પાર,
જૈન સંયુક્ત મંડળ કરે છે જય જયકાર,
પ્રભુ તારા ગીતડા ગાવા, મારે મન મોટા લ્હાવા. ... જોજેના

## એક પંખી આવી ઉડી ગયું

•

એક પંખી આવી ઉડી ગયું
એક વાત સરસ સમજાવી ગયું
આ દુનિયા એક પંખી મેળો
કાયમ ક્યાં રહેવાનું ... એક પંખી

ખાલી હાથે આવ્યા એવા ખાલી હાથે જાવાનું
જેને તેં તારું માન્યું તે તો અહીંનું અહીં રહેવાનું
એક પ્રભાતે જન્મ થયો
ને સાંજ પડે ત્યારે ઊડી ગયું
એકલવાયું આત્મપંખી,
સાથેના કોઈ લઈ ગયું ... એક પંખી

સગાં સંબંધીની માયા
મૂકી સૌથી અળગા થાવાનું
જગતની આંખો જોતી રહીને
પાંખ વિના તે ઊડી ગયું ... એક પંખી

જાતા જાતા પંખી જીવનનો
સાચો મર્મ સમજાવી ગયું,
ધર્મ પુણ્યની લક્ષ્મી ગાંઠે,
સત્કર્મનો સથવારો
ભવસાગર તરવાને માટે
નથી કોઈનો હવે આરો ... એક પંખી

## મનવા રે......

(રાગ : બેના રે......સાસરિયે જાતા.....પારકી થાપણ)

મનવા રે......

ચેતવું હોય તો ચેતી જાજે અવસર ચાલ્યો જાય

મનુષ્ય જન્મ તારો એણે વહી જાય

મનવા રે...

ચેતવું હોય તો ચેતી જાજે અવસર ચાલ્યો જાય

મનુષ્ય જન્મ તારો એળે વહી જાય ... (૨)

રટીલે રણછોડરાય પકડી લે એની બાંય.

જન્મ મરણનો તારો ફેરો ટળી જાય ...

સગા સંબધી સુખના સાથી દુઃખમાં કોઈ ના થાય હો રામ. (૨)

શ્વાસે શ્વાસે રામ સમર તું એ છે સાચી સગાઈ હો રામ (૨)

મનવા હે..... જુઠી કાયા જુઠી માયા એમાં શું અટવાય.....

આ રે કાયાનો શું રે ભરોસો ક્યારે એ થાશે વિદાય હો રામ. (૨)

કાચી માટીનો ઘાટ ઘડુલો ક્યારે ફૂટી જાય હો રામ. (૨)

મનવા રે સમજુ જન સૌ સમજી ગયા અણસમજુ ગોથા ખાય....

મૃગજળ જેવી માયા છે જગની, શાને ગયો છે ફૂલાઈ હો રામ. (૨)

બાબુ કહે મારા ગુરૂના પ્રતાપે, ધાર્યું ધણીનું થાય હો રામ. (૨)

મનવા રે....પિંજરમાંથી પોપટ હાલ્યો પિંજર ઝોલા ખાય.....

## એવી થે કુદરતની કળા અણધાર્યું તે આગળ થાય.

એવી થે કુદરતની કળા અણધાર્યું તે આગળ થાય.

રાજા દશરથ મનમાં વિચાર્યું, વહેલી સવારે રામને ગાદીએ બેસાડું

વહેલી સવારે રામ વનવાસ જાય.....અણધાર્યું તે આગળ થાય.

રાજા રાવણ તો અતિ મહાબળિયો સીતા માતાનું હરણ કરી ગયો.

સોનેરી લંકામાં લાગી છે આગ..... અણધાર્યું તે આગળ થાય.

રાજા અભિમન્યુ એ મનમાં વિચાર્યું, સાતે કોઠા મારે જીતી લેવા છે.

સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય.....અણધાર્યું તે આગળ થાય.

શેઠ સગાળશા ચંગાવતી રાણી, બ્રાહ્મણજનોને ભોજન કરાવે

પુત્ર ચેલૈયો ખાંડણિયે ખંડાય.....અણધાર્યું તે આગળ થાય.

સદગુરૂ કબીરજી સ્વર્ગ સીધાવે, હિંદુ ને મુસ્લિમ ઝઘડો ચલાવે

ચાદર ખસેડતા ફુલડા વેરાય..... અણધાર્યું તે આગળ થાય.....



## છોડી દે છેડલો નંદ દુલારા

(રાગ : - આધા હૈ ચંદ્રમા...........નવરંગ)

છોડી દે છેડલો નંદ દુલારા

શાને કરે શ્યામ આવા ચેનચાળા મોહન મોરલીવાળા

ઢોળાશે મહિડાના માટ મારા મોહન મોરલીવાળા.

હો..... તને સહેજે શરમના આવે રોજ મોરગમાં મુજને સતાવે

થાશે લોકોમાં વાત

થાશે મનમાં ગભરાટ.

મારો છેડો મુકોને તમે કાન કાળા - મોહનમોરલીવાળા.

હો.... શ્યામ આવી તે ટેવ નહીં સારી એમાં હલકાઈ બહાર પડે તારી.

ઝાઝું કરશો ના જોર

બની માખણના ચોર

નહીં તો કન્યા ના આપે કોઈ તમે કાના કાળા મોહન મોરલીવાળા

હો..... વાત વધશે તો ઝઘડો થાશે માર મારા તે હાથનો ખાશે.

હું છું આહીરની બાર.

માટે કરજે વિચાર

નહીં તો કન્યા ના આપે કોઈ તમે કાના કાળા મોહનમોરલીવાળા.

## નંદના કુંવર મારૂં બેડલું ચઢાવજો.

નંદના કુંવર મારૂં બેડલું ચઢાવજો.

હે... મારે જાવું છે ઝટ મારા ઘેર રે         નંદના ...

બંસીનો નાદ જ્યાં સુણ્યો છે જ્યારથી,

હૈયાનો હાર લઈ ઉભી છું ત્યારથી,

હે... મેં તો રોતાં મુક્યાં છે નાના બાળરે         નંદના ...

બેડું છે ભારી મુજથી વારી લેવાયના.

તમ વિના બીજું બધું કોઈને કહેવાયના.

હે... મારી પૂર્વ જનમની છે પ્રિત રે         નંદના ...

જાતાં જો વાર પ્રભુ મુજને જો લાગશે,

સાસુ નણંદ મને ઘર બા'ર કાઢશે.

હે... કપરો છે ઘરનો ભરથાર રે         નંદના ...

ધીરે ચઢાવજો રે, જો જો છલકાયના.

નરસૈંના સ્વામી મારી ચુંદડી ભીંજાયના.

હે... મારી ચુંદડી છે નવ નવ રંગની         નંદના ..

અરજી અમારી વા'લા ઉરમાં ઉતારજો,

જીવન નૈયાને મારી કિનારે લાવજો....

હે... મારે કરવો છે ભવસાગર પાર રે         નંદના ..

## "વા'લા શંભુ જટાજુટ ધારી"

રાગ :- "મૈ જાગું રે તું સોજા"....."દો આંખે બારહ હાથ"

વા'લા શંભુ જટાજુટ ધારી.....
તમે રામ છો કૃષ્ણ મોરારી ... (૧)

આદિ અનંત દિગંત પ્રભુ
શિવ -જીવની ભાવટ ભાંગો સહુ
મારા મનની મુંઝવણ તમને કહું
પ્રભુ જનમ જનમનો દાસ રહું
રહું તમે ચરણોનો પૂજારી ... તમે ... (૨)

રઘુવંશમાં રામનું રૂપ ધરી
દશરથ કૌશલ્યાની આશ પુરી
સતી સીતા તણો સંગાથ કરી
દરશન કરી ભકતોની આંખ ઠરી
પાપી માર્યા ધનુષ્ય-બાણ ધારી ... તમે ... (૩)

કામણગારા પ્રભુ કૃષ્ણ તમે-
ગોરી રાધા હરિની સંગે રમે
મધુવનમાં ગૈયા ચરાવી તમે.
ગોપીઘર માખણને નિસરી જમે
દેખી રાસ લીલા પ્રભુ તારી....
હું તો દિલડું ગયો છું હારી ... તમે ... (૪)

## "ધ્યાન ધરો"

રાગ :- પ્યાર કરો (૨) ઋતુ પ્યારકી આયીરે...."રાણી રૂપમતી"

ધ્યાન ધરો (૨) ભવપાર ઉતારે રે....

હરિહર નામની નાવડિયા.

ધ્યાનમેં મીરા બાવરી બની ગઈ રહતે રહતે શામળીયા.

હોજી હો.... હોજી હો.... હોજી હો....?

... (૧)

ડાકોર દેશનો રાયરણછોડજી જગતનો નાથ કહાવે રે,

મહી માખણ જેને જીભે ચઢેલા વિદુરની ભાજી ભાવે રે.

ભક્ત વત્સલ ભગવાન પ્રભુજી નંદઘેર ચારી ગાવડિયા ...(૨)

નરસૈંયાનો સ્વામી શામળીયો ભક્તની ભીડ મિટાવે રે.

કુંવરબાઈનું મામેરું ભરવા, ભંડારી થઈને આવે રે.

નાગરી ન્યાતમાં ધૂન મચે છે તંબુરા સાથે કરતાલિયા ... (૩)

અપર માના વેણ સુણીને ધ્રુવજી ધ્યાનમાં આવે રે

સુદનવાની કઢાઈ ઠારીને પ્રહલાદને પ્રિતે બચાવે રે,

બાઈ મીરાએ અમૃત પીધા, રાણો પીએ વિષ ગાગરિયા ... (૪)

જો ધ્યાન ધરશે પ્રભુ સમરશે, હરી હ્રદયમાં ધરશે રે

માનવ જીવન મળ્યું "મનુ" તને ફરિ ફરિ નહીં મળશે રે

કરદમ તુ હરિ નામ જપીલે અમીની વરસે વાદળિયા, ... (૫)

## "તારી બાંકી બાંકી ચાલ"

રાગઃ- "લે કે પહેલા પહેલા પ્યાર" "સી. આઈ. ડી"

તારી બંકી બાંકી ચાલ, મારા નંદ જશોદાના લાલ.
વારી ગઈ છું, બલરામા, તું કરજે મારો ખ્યાલ.....
તારી બાંકી બાંકી ... (૧)

પ્રેમ દિવાની તારી, જન્મો જનમની,
બીક જરા ન રાખી લાજ શરમની,
મારા ભવભવના ભરથાર....
જોડી દીધાં દિલના તાર... વારી ગઈ... (૨)

ચાહે દિલ ધડકે યા ચાહે ચિત ફરકે,
પિયા મિલન કાજે, મન મારું તલસે.
રખડું વગડાને મોઝાર
ઘુમતી સંરવરિયાની પાળ. વારી ગઈ છું ... (૩)

દિલમાં વગાડું કાના ભક્તિની બંસી.
હંસ મારો કાન કુંવર (હું) એની હંસી.
મંડળ ગાયે ભક્તિ ગાન.
તારી મસ્તીમાં મસ્તાન ... વારી ગઈ છું ... (૪)

મીરાં બની હું શ્યામા, રામા તારી શબરી
જુઠાં તે બોર ખાધાં મારો હાથ પકડી
મેં તો જાણી તારી રીત.
કીધી જનમ જનમની પ્રિત... વારી ગઈ... (૫)

## હરિગુણ ગા પ્રભુપદ પા

રાગ :- આ....લૌટ કે આજા મેરે મીત "રાણી રૂપમતી"

હરિ ગુણ ગા....પ્રભુપદ પા.....હરિગુણ ગા.....

હાં..... પ્રેમે પ્રભુ ગુણ ગા, મુરખ મન માયા મહીં મલકાય.

જાશે અંધારામાં અટવાય (૨) હો જાશે અંધારામાં અટવાય .. મુરખ... (૧)

લાવ્યો નથી કાંઈ, લઈ જવાનો કાંઈ, ખાલી હાથે તું જવાનો.

મારું મારુ કરી મોલ ગુમાવે, સાને બન્યો તું દિવાનો ?

તારો પંથ ગયો બદલાય .. મુરખ મન ... (૨)

ધન કમાયો, માન કમાયો, તોયે ના ખાડો ભરાયો.

કાળાં ધોળા કાંઈક કર્યા છે, પાપી તું ના શરમાયો

તારી જનની રહી છે લજાય .. મુરખ મન ... (૩)

રાવણ સરખો રાજીયો, જેની સોનાની કહેવાય લંકા.

સર્વ દેવો તેની સેવા કરે છે, કોણ કહે કરી શંકા.

એતો રણમાં ગયો છે રોળાય .. મુરખ મન... (૪)

મોંઘો માનવ દેહ મળ્યો છે, મુરખ શીદને ગુમાવે ?

રામનામનું રટણ કરીલે, ગયો અવસર ના આવે....

સાચી પ્રિત હરિ સંગ થાય. .. મુરખ મન ... (૫)

# મારા શ્યામ સુંદર ઘનશ્યામ

રાગ :- "તેરે દ્વાર ખડા ભગવાન" "વામન અવતાર"

મારા શ્યામ સુંદર ઘનશ્યામ.

દર્શન દાન તું દેજે... હો... દર્શન દાન તું દેજે.

મારા વિરહી મનની વાત સાંભળ, ત્રણ ભુવનના નાથ....

દર્શન દાન... (૧)

અવતાર લઈને આ અવનીમાં, કિધું ના કિર્તન તારું,

સ્વાર્થ સેહમાં તણાય તણાયમેં ... કીધું છે મારું મારું રે ... (૨)

પ્રભુ દે દયાનાં દાન ... મારા શ્યામવર્ણનાં કાન...

દર્શન દાન... (૨)

માયા રૂપેરી મીઠડી વાટે, ઘોર દિસે અંધારું.

કોઈ નવ મારું, કોઈ નથી સંગે... એક સ્મરણ છે તારું રે ... (૨)

કીધો અશુરનો સંહાર...પ્રભુ આજ મારા "અહ્મને તું માર.

દર્શન દાન... (૪)

ભવસાગરના ભરદરિયામાં, નાવ ભમે છે મારું,

કિનારો એ ક્યાંય ન ભાળે... કોઈ રહ્યું નથી બારું રે ... (૨)

પ્રભુ સુકાની થઈ સંભાળ, તારી ગાય છું તું ગોવાળ.

દર્શન દાન... (૫)

## શરણમાં આવ્યો છું તારે.

રાગઃ- મેરા દિલ તોડને વાલે. "દિદાર"

શરણમાં આવ્યો છું તારે, સ્વીકારી તુ મને લેજે.
ભિખારી થઈને ભટકું છું. દયાની ભીખ તું દેજે ... (૧)

ચુકાવી છે...પ્રભુ પોતે, તેં તારા કર્મની કિંમત. (૨)
ખબર મુજને નથી મારા, દયાળુ મુલવી લેજે.
શરણમાં... (૨)

જીવનરસ પ્રેમનો પ્યાલો ભર્યો ઈર્ષા રૂપી વિષે (૨)
પીધું તેં ઝેર મીરાંનું વિષે અમૃત કરી દેજે.
શરણમાં... (૩)

વસે છે સ્થુલ વિશે તું પ્રગટ્યો થાંભલામાંથી (૨)
સજીવન છું "પરમસ્નેહી" બનાવી માનવી દે જે.
શરણમાં... (૪)

કે સત્ બ્રહ્મ છે. જગત મિથ્યા, છતાં સુંદર અતિ દીસે (૨)
બનાવેલાં બધાં તારાને તું પ્યારા ગણી લેજે.
શરણમાં... (૫)

## "કરી જા રે સતસંગ"

રાગ : "રૂક જા ઓ જાનેવાલી રૂક જા"

કરી જા રે "સતસંગ" કરી જા.
ભક્તિ કરી ભવસાગર તરી જા (૨) ... (૧)
તને સ્વાર્થનાં સપનામાં, થાય સુખ તણી ઝાંખી,
સુખ સાચું છે સતસંગમાં, તુ જાણી લે બડભાગી
પડી જા, રે પ્રભુ પંથે પડી જા ... (૨)
જો ભક્તિ સરિતામાં ભાવનાનું પૂર આવે.
તારી જીવન નૌકાને કિનારે પ્રભુ લાવે,
આવી જા, રે....કિનારે તું આવી ... (૩)
તુ કર્મની ખેતીમાં જો ધર્મના બીજ વાવે.
રામનામનું ખાતર દે, સારો પાક લણી લાવે..
ખેડી જા, રે જીવન ખેતર ખેડીજા.... (૪)
કળિયુગે કિર્તન કરીને, સાચા દિલથી ધ્યાન ધરે.
"મનુ" સતસંગ સાબુથી, તારા મનનો મેલ ઉતરે.
ધોઈ જા, મન તારું ધોઈ જા. ... (૫)
ભક્તિ કરી ભવસાગર તરી જા

## જોજે રે તારી જિંદગી જવાની,

જોજે રે તારી જિંદગી જવાની,
જિંદગી જવાની અલ્યા નથી રે રહેવાની..

ચેતરે ચેતાવું કાળ માથે ઉભો છે,
ભક્તિનું ભાથું બાંધ છેલ્લો ફેરો છે,
પલપલ જાય તારી લાખેરે સવાની ..... જોજે રે.

દાવરે મળ્યો છે તને આજે મજાનો
કરીલે વિચાર અલ્યા એકલો જવાનો,
અંતે આ કાયા તારી રાખરે થવાની .... જોજે રે.

લાખરે કમાયો તોયે તું ના ધરાયો,
ગરીબોના ગળા કાપી, ધનરે કમાયો,
નંદુ કહે આ જિંદગી શા કામની .... જોજે રે.



## હંસલો ચાલ્યો જવાનો એકલો રે ...

હંસલો ચાલ્યો જવાનો એકલો રે .
સંગમાં આવે પુણ્યને પાપ ... હંસલો

ત્યાં તો નથી કોઈનો સંગાથ રે,
ત્યાં તો નથી કોઈનો મેળાપ ... હંસલો

ભાથું ભક્તિનું સાથ લઈ લેજો રે,
ત્યાં નથી વાણિયા કેરી હાટ ... હંસલો

સંગ તો સાચા ગુરૂનો સેવીએ રે,
એ તો ઉતારશે ભવપાર ... હંસલો

જેટલો ભજનમાં વખત ગાળશો રે,
તે તો ચોપડે જમા થાય ... હંસલો

સુખ તો રામના નામનું લેજો રે,
તે છે મુક્તિનો દેનાર,
હંસલો ચાલ્યો જવાનો એકલો રે.

## સમય મારો સાચવજે વહાલા કરું હું કાલાવાલા (૨)

સમય મારો સાચવજે વહાલા કરું હું કાલાવાલા (૨)

અંત સમય મારો આવશે જયારે (૨)

નહિ રહે દેહનું ભાન..... સમય.

અંત સમયે મુખે તુળસી દેજો,

દેજો યમુના પાન.....સમય.

જીભલડી મારી પરવશ બનશે હારી બેસુ હામ

એવ સમયે મારી વ્હારે ચઢીને

રાખજે તારુ નામ.....સમય.

કંઠ રૂંધાશે ને નાડીઓ તૂટશે તૂટશે જીવનની દોર

એવ સમયે મારા અલબેલા તું (૨)

કરજે બંસીનો શોર......સમય.

આંખલડી મારી પાવન કરજો (૨)

એકજ દેજે વહાલ.....સમય.

શ્યામ સુંદર તારી ઝંખના કરીને (૨)

પુનિત છોડી પ્રાણ.....સમય.

## શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર સદા તું સમરતો જા,

શ્રી કૃષ્ણ શરણં મમ એ મંત્ર સદા તું સમરતો જા,
આવ્યો છે તુ આ સંસારે,
જન્મ સફળ તું કરતો જા.....

મનવાણી કાયા વશ રાખી,
મમતાનો બોજો દુર નાખી,
ધન દીધું જો ધણીએ તુજને,
પેટ ભૂખ્યાના ભરતો જા..... આવ્યો છે.....

જગમાં તુ મહાન કહેવાએ,
આશા કરી કોઇ આંગણે આવે,
દીન દુઃખિયાના દુઃખડા તારા,
કર્ણપટ પર ધરતો જા..... આવ્યો છે.....

હું પદની ગ્રંથીને છોડી,
માયાના ગઢને તું ભેદી,
પ્રકાશમહી આ પ્રભુના પંથે,
હળવે હળવે મરતો જા..... આવ્યો છે.....

ગોવિંદ ગુરુનું શરણું ગ્રહી લે,
દુઃખ પડેતો દુઃખડા સહી લે
માનવસરના મોંઘા મોતી,
હંસ બનીને ચરતો જા..... આવ્યો છે....

## જપીલે જપીલે જપીલે ઓમકાર,

જપીલે જપીલે જપીલે ઓમકાર
ઓ માયાના જીવડા જપીલે ઓમકાર ....

મંદીરનો પૂજારી આવે, પૂજા કરી જાય,
કોણ જાણે ક્યારે આવે એ તો ન કહેવાય.... ઓ માયાના....

ફુલવાડીનો માળી આવે, ફુલડા વીણી જાય,
કોણ જાણે ક્યારે આવે એતો ન કહેવાય .... ઓ માયાના....

જળ ભરેલી વાદળી આકાશે ઝેલાખાય,
કોણ જાણે ક્યારે વરસે એતો ન કહેવાય.... ઓ માયાના....

ચાર દિવસની ચાંદની ને ઘોર અંધારી રાત,
કોણ જાણે ક્યારે ઉગે એતો ન કહેવાય.... ઓ માયાના....

## રામ ભજન કર લેનારે અપના કોઇ નહિ

રામ ભજન કર લેનારે અપના કોઇ નહિ
હરિ ભજન કર લેનારે અપના કોઇ નહી
ફળીયારે બીચ તારા રૂવે દેવરજી
રૂવે તારી માતાજી રે.
સઘળું કુટુંબ ત્યાં ભેગું થાયે,
હંસલો એકલો જાય રે..... અપના કોઇ નહિ.

આષ્ટ કાષ્ટનો બન્યો ઘોડલો,
હંસલો થયો અસવાર રે જી,
નદી કિનારે બીચ ઉતાર્યો,
બિના ફાગ જલી જલી હોળી રે..... અપના કોઇ નહિ.

હરતી ફરતી પ્રિયા જ રૂવે,
કોણે તોડી મારી જોડી રે જી,
કહતકબીરા સુનો ભાઇ સાધુ,
જેણે જોડી એણે તોડી રે..... અપના કોઇ નહિ.

## પ્રાણિયા ભજી લે ને કિરતાર

પ્રાણિયા ભજી લે ને કિરતાર
આ તો સપનું છે સંસાર

ધન દોલત ને માલખજાના, પુત્ર અને પરિવાર,
તેતો તજીને તું જઇશ એકલો, ખાઇશ જમનો માર ..... પ્રાણિયા

ઉંચી મેડીને અજબઝરુખા, ગોખ તણો નહિ પાર,
લક્ષપતિતો ચાલ્યા ગયા, એના બાંધ્યા રહયા ઘરબાર ..... પ્રાણિયા

ઉપર ફરેરા ફર ફરેને, હેઠળ શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીએ ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર ..... પ્રાણિયા

સેજ તળાવ વિના સૂતો નહિ, ને કરતાં હુન્નર હજાર
ખોળી ખોળી તને બાળશે જેમ લોદુ ગાળે લુહાર ..... પ્રાણિયા

સ્મશાન જઈને ચેહ ખડકી, માથે છે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઉભા રહ્યા, નિશ્ચ ઝરે અંગાર ...... પ્રાણિયા

સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નરને વળી નાર,
ભોજો ભગત કહે દશદિ રોઈને, પડતાં મેલ્યા વિચાર...... પ્રાણિયા

## તમે ભાવે ભજીલ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,

તમે ભાવે ભજીલ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,
કંઈક આત્માનું કરજો કલ્યાણ, જીવન થોડું રહ્યું,

એને દીધેલાં કોલ તે ભુલી ગયાં,
જૂઠી માયાને મોહમાં ઘેલા થયાં,
ચેતો ચેતો શું ભુલ્યાં છો ભાન .... જીવન

બાળપણને યુવાનીમાં અડધું ગયું,
નહિ ભક્તિના મારગમાં ડગલું ભર્યું,
હવે બાકી છે એમાં ધ્યો ધ્યાન .... જીવન

પછી ઘડપણમાં ગોવિંદ ભજાસે નહિ,
લોભવૈભવને ધનતો તજાસે નહિ,
બનો આજથી પ્રભુમાં મસ્તાન .... જીવન.

જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો,
કંઈક ડરતો પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસનાં મહેમાન .... જીવન.

બધા આળસમાં દિન આમ વિતી જશે,
પછી ઓચિંતુ યમ તણું તેડું થશે,
નહિ ચાલે તમારૂ તોફાન .... જીવન

## અમે પંખીડાં રે, જીવન દિન ચારનાં,

( રાગ : અમે મહિયારા. રે)

અમે પંખીડાં રે, જીવન દિન ચારનાં,
હાંરે...કોઈ આજે આવ્યું ને કાલ જાશે ... પંખીડાં.

કર્મ પ્રમાણે સહુ આવે આ લોકમાં,
અંતે છોડીને ઉડી જાવું પરલોકમાં,
હાંરે...તારા માળા બાંધ્યા રહી જાશે ... પંખીડાં.

વિશ્વરૂપી બાગમાં માયાની જાળ છે,
ભાગ્યરૂપી દોરથી આવી બંધાય છે,
હાંરે...મોહમાયામાં અંતે ફસાયો ... પંખીડાં.

કાળરૂપી બાજ તારે માથે ઉભો છે,
આયુષ્યની દોરીને કાપી રહ્યો છે,
હાંરે...માનવ ફેરો સફળ કરી લેજે ... પંખીડાં



## હાં રે વહાલા અરજી અમારી સુણો શ્રીનાથજી

હાં રે વહાલા અરજી અમારી સુણો શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં..
હાં રે મારા અંત સમયના બેલી
હાં રે હવે મેલો નહિ હડસેલી
હાં રે હું તે આવી ઉભો તમદ્વારે
શ્રીનાથજી ! લઈ જાજે તારા ધામમાં...

હાં રે નાથ કરુણા તણા છો સિંધુ
હાં રે હું તો યાચુ છું એક જ બિંદુ
હાં રે એક બિંદુમાં નહિં થાય ઓછું
શ્રી નાથજી લઈ જાજે તારા ધામમાં.

હાં રે મારૂ અંતર લેજો વાંચી
હાં રે નથી મેદીમાં લાલી લખાતી
હાં રે પાને પાને એ પ્રસરી જાતી
શ્રીનાથજી ! લઈ જાજે તારા ધામમાં.



## ત્રીસ ત્રીસ વરસોની માયા રે વિસારી,

ત્રીસ ત્રીસ વરસોની માયા રે વિસારી,
મહાવીર લેતા વિદાય...
ધ્રુસકે ધ્રુસકે રૂએ બાંધવને બેની
વિયોગ નહી રે ખમાય ... મહાવીર
સુના સુના મંદિરને સુની સુની મેડીઓ
સુની આ સૃષ્ટિ જણાય ... મહાવીર
સુનારે થયા અમ અંતરના ઝરણા,
સુનારે થયા અમ અંતર આંગણાં,
તમ વિના કેમ રે જીવાય ... મહાવીર
વીર કહે ભાઈ શોક ન કરશો,
પાછા વળો હૈયે ધીરજ ધરજો.
કાળની ગતિ ના રોકાય ... મહાવીર
ભાઈ કહે વીરને કરજોડી,
ચાલ્યા તમે તો પ્રીતડી તોડી,
જુદાઈ ના જીરવાય ... મહાવીર
વીર કહે આ તો પંખીનો મેળો,
કોઈ જાય વહેલો ને કોઈ જા. મોડો,
વેળાએ સૌ ઊડી જાય ... મહાવીર.
એમ કહી પ્રભુ આગળ વધતા
ધીમે ધીમે સહુ પાછા રે વળતા,
કીંતુ ના ઉપડે પાય ... મહાવીર

## સુણાવો ગીતા સાર ઉતારો ભવપાર,

સુણાવો ગીતા સાર ઉતારો ભવપાર,
ગુરુજી મારા, હું પૂજુ ચરણ તમારા

હું આવી પડયો છું આ જગમાં,
નથી કોઈ દિલાસો દેવામાં,
હું રખડી રખડી થાક્યો ગુરુજી મારા ... હું પૂજુ

રહી દીલમાં કંઇ કંઇ આશા મને,
સત્યપંથ બતાવનાર શોધું તને,
જ્યોતમાં જ્યોત મિલાવો ગુરુજી મારા ... હું પૂજુ

આ દાસ ઉપર તો દયા કરો,
આ ભવના ફેરા પળમાં હરો,
છો આપ દયાના સ્વામી ગુરુજી મારા ... હું પૂજુ

## પંખીનો મેળો છે તારો છેલ્લો ફેરો છે.

પંખીનો મેળો છે તારો છેલ્લો ફેરો છે.
માયાની મહેફીલમાં આયુષ્યની ઉજાણી છે.
જન્મમરણના ચક્કરની આ ફરતી ઘાણી છે.
હો ... પંખીનો મેળો ...

ચડતી પડતી છે પડતી ... હો ... પડતી,
ઉગેલા ને તો આથમવાનું છે,
જે આવ્યા તે જવાના ... હો જવાના.
જન્મેલાને તો મરવાનું છે ... માયાની મહેફીલમાં ...
હો ... પંખીનો મેળો ...

સમય શરમ નહીં રાખે ... હો નહીં રાખે,
ખીલેલાને તો કરમાવાનું છે,
નરહરિ નહિ માને ... નહીં માને,
વારાફરતી તો સૌનો વારો છે ... માયાની મહેફીલમાં
હો ... પંખીનો મેળો ...



## પંખીડાને આ પીંજરૂં, જુનું જુનું લાગે,

પંખીડાને આ પીંજરૂં, જુનું જુનું લાગે,
બહુ રે સમજાવ્યું તો યે નવું પીંજરૂં માગે ....

ઉમટયો અજંપો એને, પંડના રે પ્રાણનો,
અણધાર્યો કર્યોરે મનોરથ, દૂરના પ્રયાણનો,
અણ દીઠે દેશ જાવા લગન એને લાગે ...
બહુ રે સમજાવ્યું તોયે ...

માન માન ઓ પંખીડા આ નથી સજ્જનની રીત,
આવું જો કરવું હતું તો, નહોતી કરવી પ્રીત,
ઓછું શું આવ્યું શાથી, સથવારો ત્યાગે ...
બહુ રે સમજાવ્યું તોયે ...

સોને મઢેલ બાજઠડોને, સોને મઢેલ ઝુલો,
હીરે જડેલ વીંઝણો, મોતીનો મોંઘો અણમૂલો,
પાગલ ના બનીએ ભેરૂ, કોઈના રંગરાગે ...
બહુ રે સમજાવ્યું તોયે ...

## સ્વપ્નું સમ સંસાર આ છે, સ્વપ્નું સમ સંસાર રે ...

સ્વપ્નું સમ સંસાર આ છે, સ્વપ્નું સમ સંસાર રે ...
ભજીલે ને કિરતાર આ તો સ્વપ્નું સમ સંસાર ...

હે ... ધનદોલત ને માલ ખજાન, પુત્ર અને પરિવાર રે,
એ તો તજી તમે જાશો એકલા, ખાશો જમનો માર રે ...

હે ... ઉંચી મેડી અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર રે,
છત્રપતિ તો ચાલ્યા ગયા, એના બાંધ્યા રહ્યા ઘરબાર રે ...

હે ... ઉપર ફૂલડાં ફરફરેને, હેઠળ શ્રીફળ ચાર રે,
સઘળા તારી પાછળ આવે, પુંઠે કરે પોકાર રે ...

હે ... સહેજ તળાઈ વિના સુનો નહિને, કરતો હુન્નર હજાર રે,
ખોળીખોળી તને બાળશે, જેમ લોઢું ને લુહાર રે ...

હે ... સ્મશાનમાં જઈ ચિતા રે ખડકી, કાષ્ટ તણો નહીં પાર રે,
અગ્નિ મુકી સૌ અળગાજ રહેશે, અંગે ઝરે અંગાર રે ...

હે ... સ્નાન કરવા સહુજન ચાલ્યા, નર સંગાથે નાર રે,
ભોજો ભગત કહે દશ દહાડા રોઈને, પડતો મૂક્યો વિચાર રે ...

## તમે ક્યાં જઈ રહેશો રાત

તમે ક્યાં જઈ રહેશો રાત
મારા બાલપણાના સાથ... તમે...

સગા સંબંધી તારા કામ ન આવે,
તને ઉકાળી ઉકાળી આપે રાખરે... મારા...

ચાર જણારે તને ઉંચકીને જાશે રે,
તારી ખોખલી હાંડલીમાં કાઢી આગરે... મારા...

પહેલો વીસામો તારા ઘર આંગણે,
તારો બીજો વિસામો ઝાંપા બહાર,

ત્રીજો વિસામો તારા ગામને પાદરે,
તારો ચોથો વિસામો સ્મશાન રે... મારા...

સીમા કિનારે તારી ચિતા ખડકાશે રે
તારા જમણા અંગૂઠે મૂકે આગરે... મારા...

દાસનો દાસ સદા એમ કહે છે રે,
તમે પુણ્યને પાપ સાથે લઈ જાશો રે... મારા...

## તેરે પૂજનકો ભગવાન, બના મનમંદિર આલિશાન.

•

તેરે પૂજનકો ભગવાન, બના મનમંદિર આલિશાન.
તૂને રાજા રંક બનાયે, તૂને ભિક્ષુક તાજ બિઠાએ,
તેરી લીલા ઐસી મહાન, બના મનમંદિર આલિશાન ... તેરે.

તૂ હર જલમેં તૂ હર થલમેં, તૂ હર ડાલકી હર પાતનમેં,
તૂ હર દિલમેં મૂરતમાન, બના મનમંદિર આલિશાન ... તેરે.

જાની કિસને તેરી માયા, કિસને ભેદ તિહારો પાયા,
હારે ઋષિમુનિ કર ધ્યાન, બના મનમંદિર આલિશાન ... તેરે.



## રંગાઇ જાને રંગમાં, સીતારામ તણા સત્સંગમાં,

રંગાઇ જાને રંગમાં, સીતારામ તણા સત્સંગમાં,
રાધેશ્યામ તણા સૌ રંગમાં ...

આજે ભજીશું કાલે ભજીશું,
ભજીશું સીતારામ, ક્યારે ભજીશું રાધેશ્યામ,
શ્વાસ ખુટશે નાડી તુટશે (૨)
પ્રાણ નહિ રે તારા અંગમાં ... રંગાઈ

જીવ જાણતો ઝાઝું જીવશું,
મારૂં છે આ તમામ, પહેલા અમર કરી લઉં નામ,
તેડુ આવશે જમનું જાણજે (૨)
જાઉં પડશે સંગમાં ... રંગાઈ

સૌ જીવ કહેતા પછી ભજીશું,
મેળવીને લો ને દામ, રહેવાના કરી લો કામ,
પ્રભુ પડયો છે ક્યાં રસ્તામાં (૨)
સૌ જન કહેતા રંગમાં ... રંગાઈ

ઘડપણ આવશે ક્યારે ભજીશું,
પહેલા ઘરના કામ તમામ, પછી કરીશું તીરથધામ,
આતમ એક દી ઉડી જાશે (૨)
શરીર રહેશે પલંગમાં ... રંગાઈ

બત્રીશ જાતના ભોજન જમતા,
ભેળી કરીને ભાંગ, તેમાં ક્યાંથી સાંભરે રામ,
દાન પુણ્યથી દુર રહ્યો તું (૨)
ફોગટ ફરે છે ઘમંડમાં ... રંગાઈ

રંગ રાગમાં ક્યારે હરાશે,
રહી જાશે આમ ને આમ, માટે ઓળખ આતમ રામ
બાબા આનંદ હરી ઓમ અખંડ છે (૨)
ભજ તું શીવની સંગમાં ... રંગાઈ

## ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ
પ્રભુ એવું માંગુ રે.
રહે જનમો જનમ તારો સાથ,
પ્રભુ એવું ...

તારૂ મુખડુ મનોહર જોયા કરૂં,
રાત દહાડો ભજન તારૂં બોલ્યા કરૂં
શ્વાસે શ્વાસે રટું તારૂં નામ,
પ્રભુ એવું ...

મારી આશા નિરાશા કરશો નહિ
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ,
રહે અંત સમય તારૂં ધ્યાન
પ્રભુ એવું ...

મારા તાપને પાપ સમાવી લેજો,
તારા બાળકને દાસ બનાવી લેજો,
દેજો આવીને દર્શન દાન,
પ્રભુ એવું ...

ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ
પ્રભુ એવું ...

## હું શરણે તારે આવ્યો છું, પ્રભુ તું ન સ્વીકારે તો હું શું કરું ?

હું શરણે તારે આવ્યો છું, પ્રભુ તું ન સ્વીકારે તો હું શું કરું ?
હું ચરણે અરજી લાવ્યો છું, પ્રભુ તું ન વિચારે તો હું શું કરું ?

હું જનમ જનમનો અપરાધી, વળી મનમાં મનમાં છે વ્યાધી.
હું દર્દી થઈને આવ્યો છું, પ્રભુ તું ન મટાડે તો હું શું કરૂં ?....હું

મારી આગળ પાછળ છે આંધી મારો તાર તૂટેલો દે સાંધી
હું ભૂલ ભરેલો આવ્યો છું, પ્રભુ તે ન સુધારે તો હું શું કરૂં ?....હું

મને સ્વાર્થીઓ જકડે છે, વળી પાગલ સમજી પકડે છે
હું છૂટવા માટે આવ્યો છું પ્રભુ તું ન છોડાવે તો હું શું કરૂ ?....હું

મારે પુનિત પંથે જાવું છે, વળી રામભક્ત થઈ જાવું છે
હું તરવા માટે આવ્યો છે, પ્રભુ તું ન બચાવે તો હું શું કરૂ ?....હું



## પ્રેમ મુદીત મનસે કહો રામ રામ રામ

•

પ્રેમ મુદીત મનસે કહો રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ
શ્રી રામ રામ રામ

પાપ કટે દુઃખ મીટે, લેકે રામ નામ,
ભવ સમુદ્ર સુખદ નાવ, એક રામ નામ,
રામ રામ રામ, રામ રામ રામ...
શ્રી રામ રામ રામ

પરમ શાંતિ સુખ નિદાન, દિવ્ય રામ નામ,
નિરાધારકો આધાર, એક રામ નામ,
રામ રામ રામ, રામ રામ રામ...
શ્રી રામ રામ રામ

પરમ ગોપ્ય પરમ દિવ્ય મંત્ર રામ નામ,
સંતજનન હૃદય સદા ભજતાા રામ નામ,
રામ રામ રામ, રામ રામ રામ...
શ્રી રામ રામ રામ

માતા પિતા બંધુ સખા સબ હી રામ નામ,
ભક્ત જનન જીવનધન એક રામ નામ,
રામ રામ રામ, રામ રામ રામ....
શ્રી રામ રામ રામ

# આત્માની શાંતિ

રાગ : નરદેવ ભીમકની સૂતા દમયંતી...

હે નાથ, જોડી હાથ પાયે, પ્રેમથી સૌ લાગીએ,
શરણ મળે સાચું તમારૂં, હૃદયથી માંગીએ,

જે જીવ આવ્યા આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને, સાચી શાંતિ આપજો.

વળી કર્મના યોગે કરી, જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભક્તિ કરે.

લક્ષ ચોરાશી બંધનોને પ્રભુ, લક્ષમાં લઈને કાપજો,
પરમાત્મા એ આત્માને, સાચી શાંતિ આપજો.

સુખ, સંપત્તિ, સુવિચારને સત્કર્મનો લઈ વારસો,
જનમોજનમ સત્સંગથી, કીરતાર પાર ઉતારજો.

આલોકમાં ન પરલોકમાં, તવ પ્રેમ રગરગમાં વ્યાપજો,
પરમાત્મા એ આત્માને, સાચી શાંતિ આપજો.

વળી મોહીને સુખ સ્વર્ગની, આશા કરે ના કદી,
દેજો દેહ દુર્લભ માનવીનો, યોગ સાધવા પ્રેમથી.

સાચું બતાવી શ્રી હરિ, અમ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને, સાચી શાંતિ આપજો.

## પ્રાર્થના મંત્રો

ઈશાવસ્યમ્ ઈદં સર્વ યત કિં ચ જગવ્યાં જગત્

તેન ત્યક્તેન ભુંજીથા: મા ગુધઃ કસ્યશ્ચિદ્ધનમ્ !

યં બ્રહ્માં વરુણેન રુદ મરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈર,

વૈદેઃ સાંગ પદ કમોપ નિષદૈર ગાયન્તિ યં સામગા !

ધ્યાનાવસ્થિતતદ્ગતેન ધનસા પશ્યન્તિ યં યોગિનો

પસ્યાન્તં ન વિદુઃ સુરા સુરગણા દેવાય તસ્મૈનમઃ !

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ

ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ

ત્વમેવ વિધા દ્રવિણં ત્વમેવ

ત્વમેવ સર્વ મમ દેવ દેવમ્ !

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈજા,

ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈજા,

મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.

તું હીણો હું છું તો ! તુજ દર્શનના દાન દઈજા !

**અર્જુન બોલ્યા :-**

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ ?
બોલે રહે ફરે કેમ મુનિને સ્થિર બુધ્ધિનો ?

**શ્રી ભગવાન બોલ્યા :-**

મનની કામના સર્વે, છોડીને આત્મમાં જજે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
દુઃખે ઉદ્વેગના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ ભય, ક્રોધ, મુનિ તે સ્થિર બુધ્ધિનો.
આસક્ત નહીં જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
નિરાહારી શરીરના, ટળે છે વિષયો છતાં,
રસ રહી જાતો તેમાં, તે ટળે પંખતાં પરં,
પ્રયત્નમાં રહે તોયો, શાણાએ નરનાં હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
યોગથી તે વશે રાખી, રહેવું મત્યરાયણ,
ઈન્દ્રિયો સંયમ જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર

## વિષયોનું રહો ધ્યાન, તેમાં આસક્તિ ઉપજે,

વિષયોનું રહો ધ્યાન, તેમાં આસક્તિ ઉપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નિપજે.
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે
સ્મૃતિ લોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.
રાગ ને દ્વેષ છૂટેલી, ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્માજે, તે પામે છે પ્રસન્નતા,
પામે પ્રસન્નતા તેમાં, દુઃખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની, બુધ્ધિ શીઘ્ર બને સ્થિર.
અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને ?
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂછે જે બહેમન,
તેહાની તે હરે બુધ્ધિ, જેમ વા નાવને જળે.
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
નિશા જે સર્વ ભુતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભુતો, તે જ્ઞાની મુનિની નિશા.

સદા ભરાતા અચલ પ્રતિષ્ટ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહીં કામ કામી.

છોડીને કામના સર્વે, ફરેજે નર નિઃસ્પૃહ,
અહંતા, મમતા મૂકી, તે પામે શાંતિ ભારત.
આ છે બ્રહ્મદશા એને પામ્યના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી બ્રહ્મ નિર્વાણ મેળવે.

## સંગે હરિચરણમાં રહીએ તમે અમે,

સંગે હરિચરણમાં રહીએ તમે અમે,
સંગે હરિપ્રચણમાં રમીએ તમે અમે,

સંગે પરાક્રમ ઘણા કરીએ તમે અમે.
તે સંગભંગ બનજો ન કદાપી આપણો.

તેજસ્વી પ્રાણવાન થાજો, સદાજીવન આપણું,
ન કદાપી થશે ભિન્ન, વિદ્વેષે મન આપણું.

જે અંતરે કરી પ્રવેશ સૂતેલ મારી,
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી,
જે રોમ રોમ મહીં પ્રાણ પૂરે પ્રતાપી,
તે શક્તિનાથ, પુરૂષોત્તમને પ્રણામ.



## પ્રાર્થના

•

પ્રભુ તારે દ્વારે આવ્યો છે આત્મા,
શાંતિ આપજો હે પરમાત્મા...

આજે અમે સૌ કરીએ તારી પ્રાર્થના,
શાંતિ આપજો હે પરમાત્મા...

એને માટે ખોલજો દ્વાર આજે સ્વર્ગના,
શાંતિ આપજો હે પરમાત્મા...

અસતો મા સત્ ગમય !
તમસો મા જ્યોતિર્ગમય !
મૃત્યોર્મા અમૃતં ગમય !
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



## અંદર રામ, બહાર રામ,

અંદર રામ, બહાર રામ,
બોલો સબ મીલ રામ રામ...

ગગન મંડળમેં રામ રામ,
ધરતી પર ભી રામ રામ...

શંભુ ભજત હે રામ રામ,
કપીલ ભજત હે રામ રામ...

કૌશલ્યા કે પ્યારે રામ,
દશરથ કે દુલારે રામ...

સબકે દીલમેં રામ રામ,
ભક્તો કે રખવાલે રામ...

સાંઈ જપત હે રામ રામ,
સાધુ ભજત હે રામ રામ...

કોઈ ભજેંગે સીયારામ,
કોઈ ભજેંગે જયશ્રી રામ...

## હરે ક્રિષ્ણ, હરે ક્રિષ્ણ,

હરે ક્રિષ્ણ, હરે ક્રિષ્ણ,
ક્રિષ્ણ ક્રિષ્ણ હરે હરે...
સદા નિરંતર હરિગુણ ગાઓ (૨)
પ્રેમ ભક્તિસે ભજન સુણાવો ... સદાનિરંતર

સાંઈ નાથ કે ચરણમેં આઓ,
મનમંદિરમેં દિપ જલાઓ,
જીવન નૈયા પાર લગાઓ ... સદાનિરંતર

હરે રામ, હરે રામ,
રામ રામ હરે હરે
હરે ક્રિષ્ણ, હરે ક્રિષ્ણ,
ક્રિષ્ણ ક્રિષ્ણ હરે હરે,
હરે સાંઈ હરે સાંઈ,
સાંઈ સાંઈ હરે હરે ... સદાનિરંતર

## તુલસી મગન ભયો રામ ગુણ ગાયકે,

તુલસી મગન ભયો રામ ગુણ ગાયકે,
રામ ગુણ ગાયકે, ગોપાલ ગુણ ગાયકે,
રામ ગુણ ગાયકે, ઘનશ્યામ ગુણ ગાયકે...

કોઈ ચલે હાથી ઘોડા પાલખી મંગાય કે...
સાધુ ચલે નંગે પાંવ કીડીયાં બચાય કે...

કોઈ ઓઢે સાલ દુસાલા અંબર લગાય કે,
સાધુ રહે દિગંબર ભભુતી લગાય કે,...

કોઈ ખાવે શીરાપુરી હલવા મંગાય કે,
સાધુ ખાવે રૂખા સુકા હરિકો ધરાય કે...

કોઈ ભયે ન્યાલ, ધન, માન, બલ પાય કે,
ભયો તુલસી ન્યાલમેં, રામ પે લગાયકે...



## શ્રીમન્નારાયણ, નારાયણ હરિ હરિ.

શ્રીમન્નારાયણ, નારાયણ હરિ હરિ.

લક્ષ્મીનારાયણ, નારાયણ હરિ હરિ.

કહો રસનાને રટ્યા કરે ફરિ ફરિ,

જાશો ભવસાગર તપે તરી તરી... શ્રીમન્નરાયણ

બદ્રી નારાયણ નારાયણ હરી હરી

પ્રીત પૂરણ પ્રભુજી થી કરી કરી

દેજો હરિચરણ ચિત્ત ધરી ધરી... શ્રીમન્નરાયણ

સત્યનારાયણ નારાયણ હરી હરી

પીઓ હરિરસ ઘુંટડા ભરી ભરી

તેમાં આળસ ન કરશો જરી જરી... શ્રીમન્નરાયણ

નરનારાયણ નારાયણ હરીહરી

જાજો સત્વર વ્હાલાજીને વરીવરી

જાવું રણછોડ રટતાં મરી મરી... શ્રીમન્નરાયણ

## ભજ ગોવિંદ ગોવિંદ ગોપાલા,

ભજ ગોવિંદ ગોવિંદ ગોપાલા,
પ્રભુ કૃષ્ણ કનૈયા તમે નંદલાલા... ભજ ગોવિંદ...

માતા જશોદા મહીરે વલોવે,
માખણ ખાવોને તમે નંદલાલા... ભજ ગોવિંદ...

જમુનાને તીરે ધેનું ચરાવે,
માખણ ખાવોને તમે નંદલાલા... ભજ ગોવિંદ...

જમુનાને તીરે ધેનું ચરાવે,
બંસી બજાવો તમે નંદલાલા... ભજ ગોવિંદ...

વૃંદાવનની કુંજ ગલીન મેં,
રાસ રચાવો તમે નંદલાલા... ભજ ગોવિંદ...

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
શરણમાં રાખો તમે નંદલાલા... ભજ ગોવિંદ...

**ગિરધારી ગોપાલ કી, જય કનૈયા લાલકી,**

ગિરધારી ગોપાલ કી, જય કનૈયા લાલકી,
જય કનૈયા લાલકી, જય જય રાધેશ્યામકી,
ગિરધારી ગોપલકી....

ઓમ નમો: શિવાય ઓમ નમો: શિવાય,
ગિરધારી ગોપલકી....

શ્યામ શ્યામ શ્યામ બોલો રાધેશ્યામ,
અંતરના પટ ખોલો, બોલો રાધેશ્યામ.



## રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ પ્યારે તું સીતારામ...

ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સંમતિ દે ભગવાન,
મંદિર-મસ્જિદ તેરે ધામ, સારે જગમેં તેરા કામ...

નિર્બલ કે બલ રાજા રામ, નિર્ધનકો ધન સીતારામ,
ભજીલે ભજીલે સીતારામ, મંગલ મુરત રાધેશ્યામ...

તનમેં રામ મનમેં રામ, અણું અણું મેં રામ હી રામ
રાજા રામની સેવા કરો, ભવસાગરતો સહેજે તરો...

---

દિગંબર ! દિગંબર ! શ્રી પાદ વલ્લભ દિગંબર !
શ્રી પાદ વલ્લભદિગંબર !

દિગંબર ! દિગંબર ! શ્રી પાદ વલ્લભ દિગંબર !
શ્રી પાદ વલ્લભ દિગંબર !

# ધુન

શંકરનું ડમરૂં બોલે છે -- રઘુપતિ રાઘવ રાજારામ

નારદની વીણા બોલે છે -- શ્રીમન્ન નારાયણનું નામ

અર્જનનું ગાંડીવ બોલે છે -- રક્ષા કરજો હે ભગવાન

શબરીના બોર બોલે છે -- પતિત પાવન સીતારામ

વિદુરની ભાજી બોલે છે -- ભક્તવત્સલ છે ભગવાન

કૃષ્ણની બંસી બોલે છે -- રાધે રાધે પ્યારું નામ

મીરાંની પાયલ બોલે છે -- મેરે તો ગિરિધર ગોપાલ

તુલસીનું માનસ બોલે છે --શ્રીરામ જયરામ જય જય રામ

રાધાજીનું મનડું બોલે છે -- પ્યારા મારા સુંદર શ્યામ

ગોપીઓના અંતર બોલે છે -- શ્રીકૃષ્ણ શરણં મમ

મીરાંની પખાજ બોલે છે -- ગિરિધરધારી રે ગોપાલ

નરસિંહ મહેતાની જાંઝ બોલે -- રાધે રાધે રાધેશ્યામ

ભવસાગરમાં ભટકી રહ્યો છું, -- ભક્તિ દેજે હે ભગવાન

ભક્તિ આપી શરણે રાખો, પ્યારા મારા સુંદર શ્યામ.

### મંગલ ભવન અમંગલ હારી,

મંગલ ભવન અમંગલ હારી,
અવિરત દશરથ અંજલિ બિહારી ... મંગલ.

જય જય જય હનુમાન ગોંસાઈ,
કૃપા કરો ગુરુ દેવકી નાઈ, ... મંગલ.

રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ,
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ ...



## હરિ ભજન બિના શાંતિ નહિ,

•

હરિ ભજન બિના શાંતિ નહિ,
હરિ નામ બિના આનંદ નહિ ...

પ્રેમ ભક્તિ બિના ઉદ્ધાર નહિ,
ગુરુ સેવા બિના નિર્વાણ નહિ ...

જપ ધ્યાન બિના સંયોગ નહિ,
પ્રભુ દર્શન બિના પ્રજ્ઞાન નહિ ...

દયા ધર્મ બિના સત્કર્મ નહિ,
ભગવાન બિના કોઈ અપના નહિ ...

જય જય જય મનમોહના !
જય જય જય મધુસુદના ...
કેશવા ... માધવા ...
માધવા ... કેશવા ... જય જય ...
જય ગોપાલા ... ગોપાલ નામ,
સાંઈ ગોપાલા ... ગોપાલ નામ ... જય જય ...

## શ્રીનાથજીનો ધ્વનિ

મથુરામાં શ્રીનાથજી, ગોકુળમાં શ્રીનાથજી,
યમુનાજીને કાંઠે રમતા, રંગીલા શ્રીનાથજી, ૧

રંગીલા શ્રીનાથજી, અલબેલા શ્રીનાથજી,
વલ્લભકુળના વ્હાલા બોલો, રંગીલા શ્રીનાથજી ૨

મધુવનમાં શ્રીનાથજી, કુંજનમાં શ્રીનાથજી,
વૃંદાવનમાં રાસ રમતાં, રંગીલા શ્રીનાથજી ૩

નંદગામ શ્રીનાથજી, બરસાને શ્રીનાથજી,
કામનવનમાં ક્રીડા કરતા, રંગીલા શ્રીનાથજી ૪

દાનગઢ શ્રીનાથજી, માનગઢ શ્રીનાથજી,
સાંકડીખોરે ગોરસ ખાતા, રંગીલા શ્રીનાથજી ૫

સંકેતમાં શ્રીનાથજી, વનવનમાં શ્રીનાથજી,
ગહેવરવનમાં રાસ રમતા, રંગીલા શ્રીનાથજી ૬

ગોવર્ધનમાં શ્રીનાથજી, મારગમાં શ્રીનાથજી,
માનસી ગંગામાં મન હરંતા, રંગીલા શ્રીનાથજી ૭

રાધાકુંડ શ્રીનાથજી, કૃષ્ણકુંડ શ્રીનાથજી,
ચંદ સરોવર ચોકે રમતા, રંગીલા શ્રીનાથજી ૮

## વૃક્ષવૃક્ષ શ્રીનાથજી, ડાળડાળ શ્રીનાથજી

વૃક્ષવૃક્ષ શ્રીનાથજી, ડાળડાળ શ્રીનાથજી
પત્રપત્રને પુષ્પે રમતા, રંગીલા શ્રીનાથજી ૯

આન્યોરમાં શ્રીનાથજી, ગોવિંદકુંડ શ્રીનાથજી
અપ્સરાકુંડે આનંદ કરતા, રંગીલા શ્રીનાથજી ૧૦

ગલી ગલી શ્રીનાથજી, કુંજ કુંજ શ્રીનાથજી,
સુરભિ કુંડે સ્નાન કરતાં, રંગીલા શ્રીનાથજી ૧૧

મંદિરમાં શ્રીનાથજી, પર્વત પર શ્રીનાથજી
જતીપુરામાં પ્રગટ બિરાજે, રંગીલા શ્રીનાથજી ૧૨

બિલ છુવન શ્રીનાથજી, કુસુમખોર શ્રીનાથજી
શ્યામઢાકમાં છાક આરોગે, રંગીલા શ્રીનાથજી ૧૩

રૂદ્રકુંડ શ્રીનાથજી, હરજીકુંડ શ્રીનાથજી,
કદમખંડીમાં ક્રીડા કરતા, રંગીલા શ્રીનાથજી ૧૪

ગામ ગામ શ્રીનાથજી, કામકામ શ્રીનાથજી,
ગુલાલકુંડે હોળી રમતા, રંગીલા શ્રીનાથજી ૧૫

નવલકુંડ શ્રીનાથજી, રમણકુંજ શ્રીનાથજી,
વ્રજવાસીના વહાલા બોલો, રંગીલા શ્રીનાથજી. ૧૬

## શ્રી અષ્ટાક્ષર મહામંત્રનો ધ્વનિ

શ્રીકૃષ્ણ શરણં મમ.. શ્રીકૃષ્ણ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ. જય શ્રીકૃષ્ણ શરણં મમ:

કદમ કેરી ડાળો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
જમુના કેરી પાળો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

વ્રજચોરાશી કોસ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
કુંડ કુંડની સીડીઓ બોલે, શ્રીકૃષ્ણ શરણં મમ

કમળ કમળ પર મધુકર બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
ડાળ ડાળ પર પક્ષી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

વૃન્દાવનનાં વૃક્ષો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
ગોકુળિયાની ગાયો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

કુંજ કુંજ ઉપવન બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
વ્રજભુમિના રજકણ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

રાસ રમંતી ગોપી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
ધેનુ ચરાવતા ગોપો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ



# વાજાં ને તબલાંમાં બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

વાજાં ને તબલાંમાં બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
શરણાઈને તંબુરમાં બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

નૃત્ય કરંતી નારી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
કેસર કેરી ક્યારી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

આકાશે-પાતાળે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
ચૌદ લોક બ્રહ્માંડે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ.

ચંદસરોવર ચોકે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
પત્ર પત્ર શાખાએ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

આંબા લીંબુને જાંબુ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
વનસ્પતિ હરિયાળી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

જતીપુરાના લોકો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
વનસ્પતિ હરિયાળી બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

ગોવર્ધનને શિખરે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
ગલી ગલી ગહેવરવન બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

વેણસ્વર સંગીત બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
કળા કરતાં મોર બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

## પુલિન કંદરા મધુવન બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

પુલિન કંદરા મધુવન બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
શ્રી જમુનાજીની લહેરો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

આંબા ડાળે કોયલ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
તુલસીજીના ક્યારા બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

સર્વ જગતમાં વ્યાપક બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
વિરહી-જનનાં હૈયા બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

કૃષ્ણ વિયોગે આતુર બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
વલ્લભી વૈષ્ણવ સર્વે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

મધુર વીણા વાજિંત્રો બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
કુમુદિની સરોવરમાં બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

ચંદ્ર સૂર્ય આકાશે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
તારલિયામાં મંડળ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

અષ્ઠ-પ્રહર આનંદે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
રોમરોમ વ્યાકુળ થઇ બોલે શ્રીકૃષ્ણ શરણં મમ

મહામંત્ર મનમોહે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ
જુગલ-ચરણ અનુરાગે બોલે શ્રીકૃષ્ણ શરણં મમ.

## પ્રેમે પરોણા ઘર આવો, (થાળ)

પ્રેમે પરોણા ઘર આવો,
કનૈયા ઓ નંદલાલા.
ઓ નંદલાલા મોહન મોરલીવાળા...

કનૈયા ઓ નંદલાલા,
સાવ રે સોનાના બાજઠીયા જડાવું,
ફૂલડા પ્રેમે ચઢાવું ... કનૈયા ઓ નંદલાલા.

સેવ સુંવાળીને લાપસી રંધાવું,
ખોબલે દાળ પીરસાવું ... કનૈયા ઓ નંદલાલા.

જળ રે જમનાની ઝારી ભરાવું,
આચમન કરોને ગીરધારી ... કનૈયા ઓ નંદલાલા.

લવંગ - સોપારીને પાનના બીડલા,
મુખવાસ કરોને મોરારી ... કનૈયા ઓ નંદલાલા

આવો આવો હું કરૂ મારા વાલા,
શા માટે તલસાવો ... કનૈયા ઓ નંદલાલા.

ભાવથકી હું થાળ ધરાવું,
તુલસી પત્ર પધરાવું ... કનૈયા ઓ નંદલાલા

માધનદાસના સ્વામી શામળીયા,
ચરણકમલ બલિહારી ... કનૈયા ઓ નંદલાલા.

## વિઠ્ઠલ વાળું કરવાને વહેલા આવજો રે (થાળ)

વિઠ્ઠલ વાળું કરવાને વહેલા આવજો રે
સાથે નાના નાના છોકરાને લાવજો રે...

મેં તો દુરથી દીઠાં પ્રભુને આવતા રે,
મારા હૃદય કમળ મન ભાવતાં રે ... વિઠ્ઠલ.

મે તો મગ ને મેથીના કર્યા ઢોકળાં રે,
સાથે તેડી લાવો નાના નાના છોકરાં રે ... વિઠ્ઠલ.

મેં તો ચોખા રાંધ્યા છે કમોદના રે,
ઉપર પાપડ શેક્યા છે પુનમચંદ્રના રે ... વિઠ્ઠલ.

મેં તો શીરો રાધ્યો છે શીરોમણી રે,
એને તાંબાના થાળમાં ટાઢો કર્યો રે ... વિઠ્ઠલ.

મેં તો ઝારી ભરી છે જળ જમનાનીરે,
તમે આચમન કરવાને વહેલા આવજો રે ... વિઠ્ઠલ.

મહેતા નરસૈંયાના સ્વામી ભાવે મળ્યારે,
મારા જનમ જનમના દુઃખ ટાળીયા રે ... વિઠ્ઠલ.



## જમવા આવો જશોદાના બાળ, (થાળ)

જમવા આવો જશોદાના બાળ,
ભોજન ભાવે કીધા રે...
ભાવભીનો પીરસ્યો છે થાળ,
ભોજન ભાવે કીધાં રે..

દીન કેરી ઝુંપડીએ દીનબંધુ આવજો,
પુનિત પગલે હૈયા છલકાવજો.
પ્રેમ કેરી બાંધી છે પાળ ... ભોજન

મનની મીઠાઈને ભાવ કેરો ભાત છે.
સ્નેહ કેરા શાકની નિરાલી વાત છે,
ભાવે જમો દિલડાની દાળ ... ભોજન

ઝારીમાં ભર્યા છે પ્રેમ તણા વારિ,
રામભક્ત મુખવાસે મમતા દો ટાળી,
ભક્તોની રાખજો ભાળ, ... ભોજન



## જીવણ આવોને જમવાને, (થાળ)

જીવણ આવોને જમવાને,

હમ સાથ રંગભેર રમવાને

ઓ અલબેલા, છેલ છબીલા છોગાળા.

ભાત કમોદનો કીધો છે,

મહીં ઘીનો દોરો દીધો છે ... ઓ અલબેલા...

કઢી વળી મેં કીધી છે,

વળી દાળમાં બોરલી દીધી છે... ઓ અલબેલા...

જમુના જળની ઝારી છે,

આ આચમન મંગળકારી છે... ઓ અલબેલા...

પાનની બીડલી વાળી છે,

મારા પ્રીતમની બલિહારી છે... ઓ અલબેલા...



## ઝાંપલી ઉઘાડી મોહન વેલો વેલો આવજે (થાળ)

ઝાંપલી ઉઘાડી મોહન વેલો વેલો આવજે
તારા જેવા ડાહ્યા છૈયા સાથે તેડી લાવજે.

ફુલ કેરા ગજરા લાવ, ફૂલના આભુષણ લાવ,
મીઠા મીઠા મેવા કનૈયા ! મારે માટે લાવ જો...

મારા ખેતરમાં ચારજે ગાય, લીલું લીલું ઘાસ જ થાય,
માળા ઉપર બેસી મોહન મોરલી બજાવજે...

મારા ભોજનનો લેજે થાળ, કરી વળી જે કીધો ભાત,
પ્યારા કનૈયા ભક્તો સાથે ભોજન કરવા આવજે...

જળ જમુનાની ઝારી ભરાવું, પાનના બીડલા હોંશે ધરાવું,
પ્યારા કનૈયા ભક્ત મંડળને દર્શન દેવા આવજે...



## જય જગદીશહરે ! પ્રભુ જય જગદીશ હરે, (આરતી)

જય જગદીશહરે ! પ્રભુ જય જગદીશ હરે,
ભક્ત જનોં કે સંકટ ક્ષણમે દૂર કરે... ૐ જય જગદીશ હરે

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ બીતે મનકા,
સુખ સંપત્તિ ઘર આવે, કષ્ટ મિટે તનકા... ૐ જય જગદીશ હરે

માત-પિતા તુમ મેરે, શરણ ગ્રહું કીસકી,
તુમ બિન ઔર ન દુજા, આશ કરૂ જિસકી...ૐ જય જગદીશ હરે

તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતર્યામી,
પરબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી... ૐ જય જગદીશ હરે

તુમ કરૂણા કે સાગર, તુમ પાલનકર્તા,
મૈં મૂર્ખ ખલ કામી, કૃપા કરો ભર્તા... ૐ જય જગદીશ હરે

તુમ હો એક અગોચર, કબકે પ્રાણ પતિ,
કિસ બિધ મિલું ગુસાઈ, તુમ કો મૈં કુમતિ...ૐ જય જગદીશ હરે

દીનબંધુ દુઃખ હરતા, ઠાકુર તુમ મેરે,
અપને હાથ ઉઠાવો, દ્વાર પરો તેરે... ૐ જય જગદીશ હરે

વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા,
શ્રદ્ધા ભક્તિ બઢાઓ, સંતનકી સેવા... ૐ જય જગદીશ હરે...

## આનંદ મંગળ કરું આરતી, (આરતી)

આનંદ મંગળ કરું આરતી,

હરિ ગરુ સંતની સેવા ... પ્રભુ.

પ્રેમ ધરીને મારે મંદિર પધારો,

સુંદર સુખડા લેવા ... પ્રભુ.

મારે આંગણે તુલસીનો ક્યારો,

શાલીગ્રામની સેવા ... પ્રભુ.

રત્ન સિંહાસન આપ બિરાજો,

દેવાધિ છો દેવા, ... પ્રભુ.

કાને કુંડળ માથે મુગટ,

પ્રગટ્યા દર્શન દેવા ... પ્રભુ.

રામ-લક્ષ્મણ ભરત - શત્રુઘ્ન,

ચારે ભાઈઓની સેવા ... પ્રભુ.

સંત મળે તો મહાસુખ પામું,

ગુરુજી મળે તો મેવા ... પ્રભુ.

અડસઠ તીરથ સંતને ચરણે,

ગાંગા-જમુના રેવા ... પ્રભુ.

ત્રિભુવન તારણ ભક્ત ઊદારણ,

આવો દર્શન દેવા ... પ્રભુ.

માખણ-મિસરી મધુફળ લાવી,

આરોગો મીઠા મેવા ... પ્રભુ.

કહે પ્રિતમ સેવા હરિ ગુણ ગાયે,

હરિજન હરિ જેવા ... પ્રભુ.

## જય કાના કાળા નટવર નંદલાલા, (આરતી)

જય કાના કાળા નટવર નંદલાલા,
મીઠી મોરલીવાળાં (૨) ગોપીના પ્યારા ... જય

કામણગારા કાન, કામણ કંઈ કીધાં,
માખણ ચોરી મોહન (૨) ચિત્ત ચોરી લીધાં ... જય

નંદ જશોદા ઘેર, વૈકુંઠ ઉતારી,
કાલીય મર્દન કીધાં (૨) ગાયોને ચારી ... જય

ગુણ તણો તુજ પાર, કેમે નહીં આવે,
નેતિ વેદ પોકારે (૨) પુનિત શુભ ગાવે ... જય



## મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદન મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાતિપતે રખિલં મધુરમ્
વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલીતં મધુરમ્
ચલિતં મધુરં, ભ્રમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

વેણુર્મધુરં, રેણુમર્ધુરં, પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુક્તં મધુરમ્
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્
કરણં મધુરં તરણ મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્
વસિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગુંજા મધુરા, માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્

ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં ભુક્તં મધુરમ્
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગોપા મધુરા, ગાવો મધુરા, અષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા
